RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 189* Date: 07.05.2022 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ડબ્લ્યુએચઓ દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડાના આધારે રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા

નવીદિલ્હી,તા.૬

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ભારતમાં કોરોનાથી થયેલા મોતના આંકડા જાહેર કર્યા બાદ રાજકીય ગરમાવો વધ્યો છે.ત્યારે હવે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર પીએમ નરેન્દ્ર મોદી પર નિશાનો સાધ્યો છે. કોરોનાથી થયેલા મોત મામલે તેમણે ટ્વિટ કરતા જણાવ્યું છે કે ‘કોરોના મહામારીને કારણે ૪૭ લાખ ભારતીયોના મોત નીપજ્યા . ૪.૮ લાખ નહી. વિજ્ઞાન જુઠ્ઠુ ન બોલે. મોદી બોલે છે.‘ એ પરિવારોનું સન્માન કરો જેમણે પોતાના સ્વજનોને ગુમાવ્યા છે. અનિવાર્ય રુપથી ૪ લાખ વળતર આપીને તેમનું સમર્થન કરે. આ સાથે ટ્વિટમાં રાહુલ ગાંધીએ ડબ્લ્યુએચઓની રિપોર્ટ પર ટ્વિટ કરી છે.

મહત્વનું છે કે આ પહેલા રાહુલ ગાંધીએ મોદી સરકારને પેન્શન મામલે ઘેર્યા હતા. તેમણે પૂર્વ સૈનિકોને એપ્રિલ મહિનાથી પેન્શન ન મળવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે દૈનિક સમાચાર પત્રમાં પ્રકાશિત એક રિપોર્ટનો હવાલો આપતા અપ્રત્યક્ષરુપથી જણાવ્યુ હતું કે નરેન્દ્ર મોદી સરકાર સૈનિકો અને દેશનું અપમાન કરી રહી છે. ટ્વિટર પર રાહુલ ગાંધીએ લખ્યું "One Rank, One Pension " ના છેતરપિંડી બાદ હવે મોદી સરકાર ‘All Rank, NO Pension'ની નીતિ અપનાવી રહી છે. સૈનિકોનું અપમાન દેશનું અપમાન છે. સરકારે પૂર્વ સૈનિકોને પેન્શન જલ્દીથી જલ્દી આપવું જોઈએ.



કોરોનાના કારણે થયેલા મોતને લઈને ઉઓએ એક રિપોર્ટ જાહેર કર્યો છે જેમાં ભારતમાં કોરોનાના કારણે ૪૭ લાખ લોકોથી વધારે લોકોના મોત થયા છે પરંતુ ભારત પાસે જે આંકડો છે..તે પાંચ લાખ મોતની આસપાસનો છે...જેના કારણે ભારત સરકારે ડબ્લ્યુએચઓની રિપોર્ટ પર વિરોધ કર્યો છે...ભારતે આ આંકડાઓ પર સવાલો કર્યા છે....જે ટેકનિક કે મોડલ દ્વારા ડબ્લ્યુએચઓએ આ આંકડા ભેગા કર્યા છે...તે યોગ્ય નથી...ડબ્લ્યુએચઓએ જૂની રીત અને મોડલ અનુસાર મોતના આકંડા જાહેર કર્યા છે...સરકાર કહ્યું કે ડબ્લ્યુએચઓએ જે આંકડા જાહેર કર્યા છે..ત માત્ર ૧૭ રાજ્યોના છે...અને તે રાજ્યો ક્યા છે તેને લઈને હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરી નથી.વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનએ કહ્યું હતું કે ભારતમાં કોરોના વાઈરસને કારણે ૪૭ લાખ લોકોએ જીવ ગુમાવ્યો છે, જોકે સરકારે ડબ્લ્યુએચઓના આંકડાઓનો વિરોધ કર્યો છે. એ ઉપરાંત કહ્યું છે કે ડબ્લ્યુએચઓએ જે પ્રમાણે ડેટા ભેગા કર્યો છે એ શંકાસ્પદ છે. જ્યારે હવે વિપક્ષ દ્વારા ડબ્લ્યુએચઓ દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડાના આધારે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કરવામાં આવ્યા છે. કોંગ્રેસનેતા રાહુલ ગાંધીએ આ મુદ્દે નરેન્દ્ર મોદીની નેતૃત્વવાળી સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. એ સાથે જ મૃતકોનાં પરિવારજનોને વળતર આપવાની માગ કરી છે.

### વિજ્ઞાન નહીં વડાપ્રધાન મોદી ખોટું બોલે છે. કોરોનાથી ૪૭ લાખ મોત થયાના દાવાનું સમર્થન આપી વળતરની માંગણી કરી

રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યું છે કે કોવિડ મહામારીને કારણે ૪.૮ લાખ નહીં, ૪૭ લાખ ભારતીયોના જીવ ગયા છે. મોદી કહે છે એવું, વિજ્ઞાન કદી ખોટું ના બોલે. તે પરિવારોનું સન્માન કરવું જોઈએ, જમણે આ મહામારીમાં તેમનાં પરિવારજનો ગુમાવ્યા છે. તેમને ૪ લાખ રૂપિયાનું વળતર આપીને મદદ કરવી જોઈએ.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે ભારત ડબ્લ્યુએચઓ દ્વારા આ સર્વે જે મોડલના આધારે કર્યો છે એનો વિરોધ કરે છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ મોડલની પ્રક્રિયા, કાર્યપ્રણાલી અને પરિણામનો ભારત વિરોધ કરે છે.

કેન્દ્ર સરકારના એક અધિકારીએ કહ્યું હતું કે આ ડેટા ૧૭ રાજ્યના આંકડાના આધારે છે. આ રાજ્યોને કયા આધારે પસંદ કરાયા, ડેટા ક્યારે લેવાયો એની માહિતી પણ ભારત સરકારને નથી અપાઈ. સરકારે આ મુદ્દે અત્યારસુધી દસ પત્રો પણ લખ્યા છે, જેનો ડબ્લ્યુએચઓએ જવાબ પણ નથી આપ્યો.

સરકારી આંકડા પ્રમાણે, ભારતમાં કોરોનાથી ૫.૨૪ લાખ લોકોનાં મોત થયાં છે. ડબ્લ્યુએચઓનું કહેવું છે કે અનેક દેશોએ કોરોનાથી થયેલાં મૃત્યુ ઓછાં દર્શાવ્યા છે, તેથી દુનિયામાં કોરોનાથી ફક્ત ૬૨ લાખ લોકોનાં મોત થયાંનું નોંધાયું છે.ડબ્લ્યુએચઓના રિપોર્ટની વાત કરીએ તો તેના અનુસાર છેલ્લા બે વર્ષમાં ૧.૫ કરોડ લોકોના મોત કોરોનાને કારણે અથવા સમયસર સારવાર ન મળવાથી થયા છે. તે જ સમયે, ભારતનો આંકડો ૪૭ લાખથી વધુ હોવાનું કહેવાય છે. આ અંગે ડબ્લ્યુએચઓના વડા ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે કહ્યું છે કે આ ખૂબ જ ગંભીર આંકડા છે.

## ભારતમાં આ વર્ષે એપ્રિલ મહિનામા ઉનાળાની ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યાં

નવીદિલ્હી,તા.૬

ભારતમાં આ વર્ષે એપ્રિલ મહિનામાં જ ગરમીએ એવું ભીષણ સ્વરૂપ બતાવ્યું કે ૧૨૨ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા દર મહિને જાહેર કરાયેલ હવામાન અને આબોહવા અહેવાલ જણાવે છે કે આ વર્ષે એપ્રિલમાં સરેરાશ મહત્તમ તાપમાન ૩૫.૩ ડિગ્રી સેલ્સિયસ હતું. જ્યારે સામાન્ય રીતે તે ૩૩.૯૪ ડિગ્રી રહે છે. ૧૯૦૧ પછી છેલ્લા દસ વર્ષમાં આ ત્રીજી વખત છે, જ્યારે એપ્રિલ મહિનાનું સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું છે.

એપ્રિલમાં માત્ર દિવસની ગરમીએ જ લોકોને નહોતા શેક્યા, પરંતુ આ મહિનામાં રાત્રિનો સમય પણ સામાન્ય કરતાં વધુ ગરમ હતો. જો આપણે માસિક સૌથી નીચું સરેરાશ તાપમાન જોઈએ તો આ વર્ષે એપ્રિલમાં તે ૨૩.૫૧ હતું, જે સામાન્ય કરતાં ૧.૩૬ ડિગ્રી વધારે છે. ૧૯૦૧ પછી આ બીજી વખત છે, જ્યારે આવી સ્થિતિ આવી છે.

હવામાન વિભાગનું માનવું છે કે તેની પાછળનું મુખ્ય કારણ સતત અને લાંબા સમય સુધી ચાલતો હીટવેવ છે. પશ્ચિમ રાજસ્થાન, પૂર્વ ઉત્તર પ્રદેશ, પશ્ચિમ મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્રના વિદર્ભ સહિત દેશના અનેક સ્થળોએ તેની અસર જોવા મળી હતી. આ વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રી સેલ્સિયસની ઉપર પહોંચી ગયો હતો. એટલું જ નહીં, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, કર્ણાટક અને લક્ષદ્વીપમાં હાજર હવામાન વિભાગના ૧૧ સ્ટેશનો પર તાપમાન તેના વર્તમાન રેકોર્ડથી ઉપર ગયું હતું. આ વખતે પ્રિ-મોન્સુન વરસાદે પણ દેશને દગો આપ્યો છે. ગત મહિને ભારતના ઉત્તર પશ્ચિમ ભાગોમાં માત્ર ૫.૬ મીમી વરસાદ નોંધાયો હતો. જેને ધ્યાનમાં લઈએ તો ૧૯૦૧ પછી તે ત્રીજો સૌથી સૂકો મહિનો હતો. અગાઉ ૧૯૪૭માં માત્ર ૧.૮ મીમી અને ૧૯૫૪માં ૪.૪ મીમી વરસાદ નોંધાયો હતો. જો કે, દક્ષિણ દ્વીપકલ્પ અને ઉત્તર-પૂર્વીય વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો હતો. જો કે છેલ્લા કેટલાક દિવસોથી હવામાનની પેટર્ન બદલાઈ છે. આ સમયે દેશમાં ક્યાંય હીટવેવ નથી. અનેક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડી રહ્યો છે. પરંતુ હવામાન વિભાગનું કહેવું છે કે તે થોડા દિવસો જ ચાલશે. ત્યાર બાદ ફરી ગરમીનો પારો ઉંચો જશે અને સૂર્ય ફરી અગનગોળા વરસાવશે.જો આપણે વિશ્વના હવામાન વિશે વાત કરીએ, તો હવે તે મુખ્યત્વે બે પ્રકારના છે. એક પીક સીઝન, જેમાં કોઈપણ સીઝન તેની ટોચે પહોંચે છે, જો કે તે માત્ર થોડા દિવસો માટે જ હોય ??છે. બીજો ઉનાળો છે, જે બાકીની ઋતુમાં પણ જોવા મળી રહ્યો છે. એટલે કે ઉનાળાના મહિનાઓની સંખ્યા વધી રહી છે. ગત વર્ષે કેનેડામાં ગરમ પવનોએ એટલી બધી તબાહી મચાવી હતી કે કેટલાક વિસ્તારોમાં તાપમાન ૫૦ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. આવું જ કંઈક આ વખતે ભારતમાં જોવા મળશે. ભારતીય હવામાન વિભાગે પણ આ વર્ષે ઉત્તર ભારતમાં પારો ૫૦ ડિગ્રીની ઉપર પહોંચવાની આગાહી કરી છે.

## દાવોસ કોન્ફરન્સમાં નિર્મલા સીતારમણ સહિત ત્રણ રાજ્યોના મુખ્યમંત્રી પણ હાજરી આપશે

નવીદિલ્હી,તા.૬

આ મહિનાના અંતમાં દાવોસના સ્વિસ સ્કી રિસોર્ટ શહેરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠકમાં ૫૦ રાજ્યઅધ્યક્ષ અથવા સરકારના વડાઓ સહિત લગભગ ૩૦૦ સરકારી નેતાઓ હાજરી આપે તેવી અપેક્ષા છે. ભારતીય સહભાગીઓમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ તેમજ ત્રણ મુખ્ય પ્રધાનો અને ૧૦૦ થી વધુ ઝઈ સામેલ થશે. મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ, તેમના કર્ણાટકના સમકક્ષ બસવરાજ એસ બોમાઈ તેમજ આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન વાયએસ જગનમોહન રેડ્ડી ૨૨-૨૬ મે દરમિયાન દાવોસમાં ૨૦૨૨ માટે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક યોજે તેવી અપેક્ષા છે. મહારાષ્ટ્રના પ્રધાન અને મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરે અને તેલંગાણાના પ્રધાન અને મુખ્ય પ્રધાન કે ચંદ્રશેખર રાવના પુત્ર કેટી રામારાવ પણ ત્યાં હશે. આ ઉપરાંત, તમિલનાડુ સરકાર સમિટના સમયગાળા માટે દાવોસમાં વિશેષ લાઉન્જ સ્થાપિત કરે તેવી શક્યતા છે, જ્યારે અન્ય કેટલાક રાજ્યોના નેતાઓ પણ સ્વિસ રિસોર્ટ ટાઉનની મુલાકાત લે તેવી શક્યતા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેટલાક વરિષ્ઠ કેન્દ્રીય પ્રધાનો પણ દાવોસ સમિટમાં હાજરી આપે તેવી અપેક્ષા છે, જે વૈશ્વિક સ્તરે વિશ્વ નેતાઓની સૌથી ઉચ્ચ પ્રોફાઈલ મેળાવડાઓમાંની એક છે. પરંતુ હજુ સુધી તેમની ભાગીદારી અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

ઓછામાં ઓછા ૧૦૦ ભારતીય સીઈઓ, તેમજ વિશ્વભરના સેંકડો વ્યાપારી અને રાજકીય નેતાઓ, પાંચ દિવસીય ઈવેન્ટ માટે નોંધણી કરાવી ચૂક્યા છે. વાર્ષિક બેઠકમાં રાજ્ય અને સરકારના વડાઓ સહિત ૩૦૦ થી વધુ જાહેર વ્યક્તિઓ હાજરી આપે તેવી અપેક્ષા છે. વાર્ષિક સમિટ જાન્યુઆરીમાં યોજાવાની હતી પરંતુ કોવિડ-૧૯ વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટને કારણે તેને મોકૂફ રાખવી પડી હતી. હવે તે ૨૨મી મેથી શરૂ થશે અને ૨૬મી મે સુધી ચાલશે.

## ખુલી ગયા કેદારનાથ ધામના કપાટ, કડકડતી ઠંડી છતાં શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી પડી



કેદારનાથ,તા.૬

દેશના બાર જ્યોતિર્લિંગોમાંથી એક કેદારનાથ ધામના કપાટ ખોલી દેવામાં આવ્યા છે. શુક્રવારે એટલે કે આજે સવારે ૬:૨૬ મિનિટ પર શુભ મુહૂર્તમાં બાબા કેદારનાથના ધામના કપાટ ખોલવામાં આવ્યા હતા. આ દરમિયાન કડકડતી ઠંડી હોવાછતાં બાબાના દર્શન માટે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. હવે છ મહિના સુધી બાબાના ભક્તો ધામમાં આરાધ્ય દેવના દર્શન તથા પૂજા અર્ચના કરી શકશે. બાબાના મંદિરને દસ ક્વિંટલ ફૂલોથી શણગારવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નામથી પહેલી પૂજા કરવામાં આવી હતી. તો બીજી તરફ પુષ્કર સિંહ ધામીએ પૂજા અર્ચના કરી બાબા કેદારનાથના આર્શિવાદ લીધા હતા.

તો બીજી તરફ આજે જ્યારે બાબાના ધામના કપાટ ખોલ્યા તો ભક્તોએ જયકારો સાથે વાતાવરણ ગૂંજ્યું ઉઠ્યું હતું. બાબાની પંચમુખી મૂર્તિ કેદાર મંદિરમાં વિરાજમાન કરવામાં આવી. ત્યારબાદ વિધિપૂર્વક કેદારનાથના કપાટ ભક્તોના દર્શન માટે ખોલવામાં આવ્યા.

ગુરૂવારે કેદારની ઉત્સવની ડોલીને મુખ્ય પુજારી દ્વારા ભોગ લગાવવામાં આવ્યો નિત પૂજાઓ શણગારવામાં આવી હતી. કેદારનાથ રાવલ ભીમાશંકર લિંગ, વેદપાઠીઓ, પૂજારીઓ, હક્ક હકૂકધારીઓની હાજરીઓમાં કપાટ પર વૈદિક પરંપરાઓના અનુસાર મંત્રોચ્ચાર કરવામાં આવ્યા અને ૬: ૨૬ મિનિટ પર કપાટ ખોલવામાં આવ્યા. આ દરમિયાન ડોલીએ મંદિરમાં પ્રવેશ કર્યો. કેદારનાથ ધામના કપાટ ખુલતી વખતે દરમિયાન પુષ્કર સિંહ ધામી હાજર રહ્યા હતા. કોરોના કાળના બે વર્ષ બાદ પહેલીવાર કેદારનાથ ધામના કપાત સામાન્ય જનતા માટે ખોલવામાં આવી રહ્યા છે. તેને લઈને સ્થાનિક લોકોમાં ખૂબ ઉત્સાહ છે. જોકે મોનસૂન સીઝનમાં ખરાબ થયેલા રસ્તાઓને યાત્રા થતાં પહેલાં રીપેર કરવામાં આવ્યા છે. અહીં ઠેર ઠેર કામ ચાલી રહ્યું છે.

પેટ્રોલ ડીઝલના ભાવ આસમાને પહોંચી રહ્યા છે ત્યારે પ્રભુના દર્શન પણ મોંઘા બન્યા છે. હરિદ્વારથી ચારધામ માટે ચાલનાર કારો અને મિની બસોના ભાડામાં ૩૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે ઈનોવાનું ભાડું ૪૫૦૦ થી વધારીને ૬૦૦૦ અને બોલેરો અને મેક્સ ૩,૫૦૦ થી વધીને ૫,૦૦૦ ડિઝાયર ૨,૮૦૦ થી ૩,૮૦૦ રૂપિયા પ્રતિ દિવસ નક્કી કરવામાં આવ્યું છે.

### રાજસ્થાનના ઉદયપુરમાં કોંગ્રેસ પાર્ટીનું ચિંતન શિબિર ૧૩ થી ૧૫ મે સુધી ચાલશે

## કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ ચિંતન શિબિર પહેલા વર્કિંગ કમિટીની બેઠક બોલાવાઈ

નવીદિલ્હી,તા.૬

રાજસ્થાનના ઉદયપુરમાં કોંગ્રેસ પાર્ટીનું ચિંતન શિબિર ૧૩ થી ૧૫ મે સુધી ચાલશે. આ પહેલા સોનિયા ગાંધીએ વર્કિંગ કમિટીની બેઠક બોલાવી છે. આવી સ્થિતિમાં આ બેઠકને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ૯મી મેના રોજ વર્કિંગ કમિટીની બેઠકના દિવસે સંદેશો અપાશે. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી હવે ઘણા રાજ્યોમાં તણાવની ઘટનાઓને લઈને ભાજપ અને તેના સહયોગી પક્ષો પર વળતો હુમલો કરવાની તૈયારી કરી રહ્યા છે. તેમણે ૯ મેના રોજ પાર્ટી હેડક્વાર્ટરમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક બોલાવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ બેઠકમાં ઉદયપુરમાં યોજાનાર ચિંતન શિવિરના કાર્યક્રમને સત્તાવાર રીતે મંજૂરી આપવામાં આવશે, પરંતુ સોનિયા ગાંધી આ દિવસે એક સંદેશ જારી કરીને ભાજપ પર મોટો હુમલો કરવાની તૈયારી કરી રહ્યા છે.

કોંગ્રેસ નેતા રણદીપ સિંહ સુરજેવાલાએ કહ્યું છે કે ભાજપ જ્યાં નબળા છે ત્યાં તણાવ પેદા કરીને રાજનીતિ કરીને સત્તામાં આવવા માંગે છે. ચૂંટણી પૂરી થાય એટલે ટેન્શન પણ ખતમ થઈ જાય. જેમ યુપી, બિહાર અને પશ્ચિમ બંગાળમાં થયું. રાજસ્થાનમાં જે રીતે ભાજપે ગેહલોત સરકાર પર નિશાન સાધ્યું છે, ત્યારથી કોંગ્રેસ હાઈકમાન્ડ દેશના વિવિધ રાજ્યોમાં બનેલી ઘટનાઓને લઈને ભાજપ અને તેના સહયોગી પક્ષોને નિશાન બનાવવાની તૈયારી કરી રહ્યું છે, તેથી જ સોનિયા ગાંધી પોતે આગળ આવ્યા છે અને આ મોરચો સંભાળશે. રાજસ્થાનના મામલામાં ભાજપ ગેહલોત અને તેમની સરકારને નિશાન બનાવી રહી છે. કોંગ્રેસનું માનવું છે કે આખો મામલો રાજસ્થાન પર કેન્દ્રિત કરવાને બદલે બાકીના રાજ્યોમાં બનતી ઘટનાઓ માટે ભાજપને ઘેરવું જોઈએ, તેથી કોંગ્રેસ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને કર્ણાટક પર ભાજપને ઘેરવા માંગે છે. કોંગ્રેસે ઉદયપુરમાં ૧૩ થી ૧૫ મે દરમિયાન ત્રણ દિવસીય ચિંતન શિબિર બોલાવી છે. તેમાં ભાગ લેવા આગેવાનોને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. દરેકને ૧૨ મે સુધીમાં આવવાનું કહેવામાં આવ્યું છે. ત્રણ દિવસીય શિબિરમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી હાજરી આપે તેવી શક્યતા છે. આ શિબિરમાં ૪૦૦થી વધુ આગેવાનો ભાગ લેશે. સોનિયા ગાંધીએ ચિંતન શિબિર દરમિયાન રાજકીય અને સંગઠનાત્મક મહત્વ, સામાજિક ન્યાય, અર્થતંત્ર, ખેડૂતો અને યુવાનોના મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ૬ પેનલની પણ રચના કરી છે.

શિબિરમાં નેતૃત્વ પરિવર્તન અને આંતરિક મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે.,આગામી રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની રણનીતિ તૈયાર કરવામાં આવશે. સંગઠનને મજબુત બનાવવા માટેના પગલાઓ અંગે વિચારણા કરવામાં આવશે.

## ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩,૫૪૫ નવા કોવિડ-૧૯ કેસ

નવીદિલ્હી,તા.૬

છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૩૫૪૫ નવા કેસ નોંધાયા છે. આ ગઈકાલ કરતાં ૮.૨ ટકા વધુ કેસ છે. એક દિવસ પહેલા એટલે કે ગુરુવારે દેશભરમાં ૩૨૭૫ કેસ નોંધાયા હતા. આ સાથે, દેશમાં કોવિડ સંક્રમિતોની કુલ સંખ્યા હવે વધીને ૪ કરોડ, ૩૦ લાખ, ૯૪ હજાર ૯૩૮ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોવિડના કારણે કુલ ૨૭ લોકોના મોત પણ થયા છે. દેશમાં કોવિડના કારણે અત્યાર સુધીમાં કુલ ૫ લાખ ૨૪ હજાર ૦૦૨ લોકોના મોત થયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, હાલમાં દેશભરમાં સક્રિય કેસની કુલ સંખ્યા ૧૯ હજારને પાર છે. હાલમાં, દેશભરમાં ૧૯,૬૮૮ સક્રિય કેસ નોંધાયા છે. સક્રિય કેસ કુલ ચેપના ૦.૦૫ ટકા થઈ ગયા છે. હાલમાં દેશમાં રિકવરી રેટ ૯૮.૭૪ ટકા નોંધાયો છે.

છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કુલ ૩૫૪૯ દર્દીઓ સાજા થયા છે. દેશભરમાં અત્યાર સુધીમાં કુલ ૪ કરોડ, ૨૫ લાખ, ૫૧ હજાર, ૨૪૮ લોકોએ આ મહામારીને માત આપી છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય રસીકરણ અભિયાન હેઠળ, દેશભરમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૯.૮૧ કરોડ રસીના ડોઝ લોકોને આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં લોકોને રસીના કુલ ૧૬,૫૯,૮૪૩ ડોઝ આપવામાં આવ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# મોંઘવારી પર લાગે લગામ

*રિઝર્વ બેંકે મોંઘવારી ઘટાડવા માટે મહિનાઓની રાહ જોયા બાદ એક પગલું ભર્યું. ઉલ્લેખનીય છે કે મે ૨૦૨૦થી જ રિઝર્વ બેંકે રેપો રેટને સ્થિર રાખ્યો હતો. કોરોનાના શરૂઆતી દિવસોમાં જ્યારે લોકડાઉન લાગ્યું હતું અને તેનાં દુષ્પરિણામે સામે આવવા લાગ્યાં તાં, ત્યારે રિઝર્વ બેંકે એ નિર્ણય લીધો હતો કે તે રેપો રેટને સ્થિર રાખશે. રેપોરેટને સ્થિર કે ન્યૂનતમ ચાર ટકા પર રાખવાનો મકસદ હતો, બેંકોને આસાનીથી પર્યાપ્ત રોકડ ઉપલબ્ધ કરાવવી. હવે જ્યારે રેપોરેટમાં વધારો કરી દેવાયો છે ત્યારે બેંકો પહેલાંની તુલનામાં ઓછી રોકડ રિઝર્વ બેંક પાસેથી ઉધાર લેશે. તેનાથી બેંકો પાસે રોકડની અછત થશે, ત્યારે તેઓ પણ વ્યાજ વધારશે અને વ્યાજ નહીં વધારે તો લોન આપવામાં ઘટાડો કરશે. લોનમાં ઘટાડો થશે તો બજારમાં અનેક વસ્તુઓ, જમીન-જાયદાદની ખરીદી ઘટશે. ખરીદી ઘટશે તો મોંઘવારી પણ કાબૂમાં આવશે. આપણે જોઈ રહ્યા છીએ કે શેરબજારો ઘટી રહ્યાં છે. રિઝર્વ બેંકે જેવો રેપો રેટમાં ઘટાડો કર્યો કે તરત બજારોમાં વેચવાલી ચાલુ થઈ ગઈ. જોકે તેને બહુ ગંભીરતાથી લેવાની જરૂર નથી. થોડા ઉદ્યમીઓ માલામાલ થાય કે શેરોના જોરે અબજોપતિઓની સંખ્યા વધવાથી દેશના સામાન્ય લોકોને કોઈ વિશેષ લાભ નથી.*

*હકીકતમાં યુક્રેન યુદ્દ્યથી અત્યારે આખી દુનિયા પ્રભાવિત છે, પરંતુ તેને રોકવા માટે જોઇતા પ્રયાસ નથી થઈ રહ્યા. આ યુદ્દ્યે ન માત્ર કોવિડ મહામારીમાંથી ઉગરી રહેલી વૈશ્વિક અર્થવ્યવસ્થા સામે એક નવું સંકટ પેદા કરી દીધું છે, બલ્કે કેટલાય કમજોર દેશોની અર્થવ્યવસ્થાની કમર તોડવાનું કામ કર્યું છે. જો આ યુદ્દ્ય વધુ લાંબું ખેંચાય તો વૈશ્વિક અર્થવ્યવસ્થા સામે પેદા થયેલું સંકટ વધુ ઘેરું બનશે. તેના પરિણામે મોંઘવારીને ખાળવા માટે ભારત સરકાર સાથે રિઝર્વ બેંકે પણ નવેસરથી ઉપાયો કરવા પડી શકે છે. તેની અવગણના ન કરી શકાય કે થોડા સમય પહેલાં રિઝર્વ બેંકે રિટેલ મોંઘવારી વિશે પોતાના અનુમાનમાં બદલાવ કરતાં તેને વધારવું પડ્યું હતું. એ જ રીતે તેને વિકાસ દરનું અનુમાન પણ ઘટાડવું પડ્યું હતું. જોકે એના પ્રત્યે સુનિશ્ચિત ન થઈ શકાય કે રિઝર્વ બેંકના પગલાથી મોંઘવારીને અટકાવવામાં મદદ મળશે, તેથી સરકારે તેના પ્રત્યે વધુ સજાગ અને સક્રિય રહેવું પડશે કે આ કામ કેવી રીતે થાય, કારણ કે ખાદ્ય ચીજોમાં મોંઘવારીનો દોર ચાલુ રહેવાની આશંકા છે. સરકારે આ પાસાની ગંભીરતાથી ચિંતા કરવી જરૂરી છે. દેશમાં ફેબ્રુઆરીથી જ મોંઘવારી મુદ્દે ચિંતા વ્યક્ત કરાઈ રહી છે. ભારતમાં રિટેલ મોંઘવારી દર છેલ્લા ૧૭ મહિનાના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયો છે. એવામાં છેલ્લા બે મહિનાથી રિઝર્વ બેંક પાસે એ આશા રખાતી હતી કે તે રેપો રેટ વધારશે, જેથી મોંઘવારીથી લોકોને થોડી રાહત મળે. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસની પ્રશંસા કરવી જોઇએ કે તેમણે વધતી મોંઘવારી પર ધ્યાન આપતાં રેપો રેટમાં લગભગ બે વર્ષ બાદ આ બદલાવ કર્યો છે. કેન્દ્રીય બેંકે આખી અર્થવ્યવસ્થાને સમગ્રતામાં જોવી જોઇએ.*

### વાયદા બજારમાં સોનામાં રૂ.૩૪૯ અને ચાંદીમાં રૂ.૨૬૧ની વૃદ્ધિઃ ક્રૂડ તેલ પણ વધ્યું

# નેચરલ ગેસ, કોટન, મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારોઃ રબરમાં નરમાઈઃ બુલડેક્સ વાયદામાં ૧૦૧ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૬૫,૯૫૭ સોદાઓમાં કુલ રૂ.૧૫,૫૧૦.૧૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના મે વાયદામાં ૧૦૧ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૬,૫૬૩ સોદાઓમાં કુલ રૂ.૩,૫૯૫.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૯૩૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૩૩૦ અને નીચામાં રૂ.૫૦,૯૦૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૪૯ વધી રૂ.૫૧,૨૪૮ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૭૬ વધી રૂ.૪૧,૦૭૦ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૪ વધી રૂ.૫,૧૧૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૯૫૩ના ભાવે ખૂલી, રૂ.૩૧૫ વધી રૂ.૫૧,૨૭૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૨,૦૮૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૭૦૦ અને નીચામાં રૂ.૬૨,૦૮૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૨૬૧ વધી રૂ.૬૨,૫૯૭ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ. ૨૦૦ વધી રૂ.૬૨,૮૮૪ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૮૭ વધી રૂ.૬૨,૮૯૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬,૫૦૫ સોદાઓમાં રૂ.૧,૧૩૪.૨૦ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૮૫ ઘટી રૂ.૨૪૨.૧૦ અને જસત મે વાયદો રૂ.૩.૫૦ ઘટી રૂ.૩૨૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૦ વધી રૂ.૭૬૩.૮૫ અને નિકલ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૯૯.૫ ઘટી રૂ.૨,૪૦૦ તેમ જ સીસંર મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૫,૫૦૦ સોદાઓમાં કુલ રૂ.૪,૫૧૦.૯૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૩૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૫૨૮ અને નીચામાં રૂ.૮,૩૧૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૨૮ વધી રૂ.૮,૪૯૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮.૮૦ વધી રૂ.૬૮૪.૮૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮૨૧ સોદાઓમાં રૂ.૮૨.૧૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન મે વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૬,૩૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૬,૮૩૦ અને નીચામાં રૂ.૪૫,૮૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૨૦ વધી રૂ.૪૬,૭૬૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર મે કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૧૩૨ના ભાવે ખૂલી, રૂ.૫૫ ઘટી રૂ.૧૭૨૧૨ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૦.૧૦ વધી રૂ.૧૦૮૬.૬૦ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૧,૧૯૩ સોદાઓમાં રૂ.૨,૧૦૦.૭૩ કરોડનાં ૪,૧૦૭.૬૩૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૫,૩૭૦ સોદાઓમાં કુલ રૂ.૧,૪૯૪.૬૭ કરોડનાં ૨૩૮.૪૦૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦,૨૭૨ સોદાઓમાં રૂ.૧,૮૯૫.૩૮ કરોડનાં ૨૨,૫૨,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫,૨૨૮ સોદાઓમાં રૂ.૨,૬૧૬ કરોડનાં ૩૮૪૩૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૫૪૪ સોદાઓમાં રૂ.૬૯.૮૨ કરોડનાં ૧૫૦૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૭૨ સોદાઓમાં રૂ.૧૨.૨૮ કરોડનાં ૧૧૨.૬૮ ટન, રબરના વાયદાઓમાં ૫ સોદાઓમાં રૂ.૦.૦૯ કરોડનાં ૫ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૦૫૨.૮૮૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૨૨.૯૩૧ ટન, ક્રૂડ તેલમાં ૯૬૬૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૨૬૪૬૨૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૯૯૪૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૦.૬ ટન, રબરમાં ૬ ટન ના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં ૫૦૦ સોદાઓમાં રૂ.૩૯.૩૮ કરોડનાં ૫૪૦ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૦૯૦ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૪,૫૩૫ના સ્તરે ખૂલી, ૧૦૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૯ પોઈન્ટ વધી ૧૪,૬૦૫ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૫૬૦૬૮ સોદાઓમાં રૂ.૬,૧૪૭.૯૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૮૯.૮૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૬.૮૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૬૯૮.૯૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૩૧.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૮૦.૨૯ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું-મિની મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૦૫ અને નીચામાં રૂ.૩૨૧ રહી, અંતે રૂ.૫૫ વધી રૂ.૪૦૧ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ મે રૂ.૮,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૧ ખૂલી, ઊપરમાં રૂ.૩૬૯.૬૦ અને નીચામાં રૂ.૨૫૭.૪૦ રહી, અંતે રૂ.૧૧૩.૪૦ વધી રૂ.૩૫૦.૬૦ થયો હતો. નેચરલ ગેસ મે રૂ.૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૨ ખૂલી, ઊપરમાં રૂ.૫૪.૮૦ અને નીચામાં રૂ.૩૯.૪૫ રહી, અંતે રૂ.૧૨.૬૦ વધી રૂ.૫૧.૨૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું-મિની મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૩૦૮ ખૂલી, ઊપરમાં રૂ.૧,૩૩૪ અને નીચામાં રૂ.૧,૦૫૬ રહી, અંતે રૂ.૨૦૮ ઘટી રૂ.૧,૧૧૦.૫૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ મે રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૧.૩૦ અને નીચામાં રૂ.૧૫૫ રહી, અંતે રૂ.૫૨.૭૦ ઘટી રૂ.૧૬૪ થયો હતો. નેચરલ ગેસ મે રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨ ખૂલી, ઊપરમાં રૂ.૨૪.૪૫ અને નીચામાં રૂ.૧૯.૧૦ રહી, અંતે રૂ.૨.૪૦ ઘટી રૂ.૨૧.૩૦ થયો હતો.

## કુમાર વિશ્વાસે ભગવંત માન પર નિશાન સાધ્યું, પંજાબ પોલીસનો દુરુપયોગ ન કરવાની સૂચના આપી

નવીદિલ્હી,તા.૬

પંજાબ પોલીસ દ્વારા બીજેપી નેતા તેજિન્દર પાલ બગ્ગાની ધરપકડ પર કુમાર વિશ્વાસે પંજાબની આમ આદમી પાર્ટી સરકાર પર નિશાન સાધ્યું છે. કુમાર વિશ્વાસે પંજાબના સીએમ ભગવંત માનને પંજાબના લોકોના ટેક્સમાંથી મળેલા પૈસાનો દુરુપયોગ ન કરવા સૂચના આપી છે. કુમાર વિશ્વાસનું કહેવું છે કે, ભગવંત માનને તેમની પાઘડીનું સન્માન કરવું જોઈએ.

કુમાર વિશ્વાસે ટ્વીટ કરીને તેજિંદર પાલ બગ્ગાની ધરપકડ પર પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું, "પ્રિય નાના ભાઈ ખુદ્દાર પંજાબ, ૩૦૦ વર્ષમાં ક્યારેય દિલ્હીના કોઈ અસુરક્ષિત સરમુખત્યારને તેની શક્તિ સાથે રમવા ન દે. પંજાબે તાજ તારી પાઘડીને સોંપ્યો છે કોઈ વામન દુર્યોધનને નહીં. પંજાબના લોકો અને તેમની પોલીસના ટેક્સના પૈસાનું અપમાન ન કરો.

જણાવી દઈએ કે, શુક્રવારે પંજાબ પોલીસના જવાનો દિલ્હીમાં બીજેપી પ્રવક્તા તેજિંદર પાલ બગ્ગાના ઘરે પહોંચ્યા હતા. આ પછી તેજિંદર પાલ બગ્ગાની ધરપકડના સમાચાર સામે આવ્યા છે. આમ આદમી પાર્ટીના પૂર્વ નેતા કુમાર વિશ્વાસ પણ પંજાબ પોલીસના નિશાના પર છે. ગયા મહિને કુમાર વિશ્વાસ વિરુદ્ધ અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ ખોટા નિવેદનો કરવા બદલ ક્રૈંઈ નોંધવામાં આવી હતી. પરંતુ કુમાર વિશ્વાસને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાંથી રાહત મળી છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે કુમાર વિશ્વાસની ધરપકડ પર રોક લગાવી દીધી છે.

## અનંતનાગમાં એક્રાઉન્ટર, સુરક્ષા દળોએ એક આતંકવાદીને ઠાર કર્યો

શ્રીનગર,તા.૬

જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં શુક્રવારે એક એક્રાઉન્ટરમાં સુરક્ષા દળોએ એક આતંકવાદીને ઠાર માર્યો હતો. માર્યા ગયેલા આતંકવાદીની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, અનંતનાગ જિલ્લાના પહલગામ વિસ્તારના શ્રીચંદ જંગલ વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી વિશે ગુપ્ત માહિતીના આધારે, સુરક્ષા દળોએ ત્યાં ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, જ્યારે સુરક્ષા દળો એક ચોક્કસ વિસ્તાર તરફ આગળ વધી રહ્યા હતા ત્યારે ત્યાં પહેલાથી હાજર આતંકવાદીઓએ તેમના પર ગોળીબાર કર્યો હતો. સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી અને આ સાથે જ એક્રાઉન્ટર શરૂ થયું. આ દરમિયાન એક આતંકી માર્યો ગયો હતો. હાલ એક્રાઉન્ટર ચાલી રહ્યું છે. સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે.બુધવારે, બીએસએફે જમ્મુ અને કાશ્મીરના સાંબા જિલ્લામાં એક શંકાસ્પદ ભૂગર્ભ ક્રોસ બોર્ડર ટનલ શોધી કાઢી હતી, સુરક્ષા દળોએ જૈશ-એ-મોહમ્મદ (ત્રીસ) સંગઠનના બે આત્મઘાતી બોમ્બરોને ગોળીબાર કર્યાના લગભગ પંદર દિવસ પછી, જે પાકિસ્તાનમાં છે. માંથી ઘૂસણખોરી બીએસએફ (જમ્મુ)ના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ એસપીએસ સંધુએ જણાવ્યું હતું કે સાંબામાં વાડની નજીકના સામાન્ય વિસ્તારમાં એક નાનું સ્થળ, જે એક શંકાસ્પદ ટનલ હોવાનું માનવામાં આવે છે.

## ગરમીમાં ઘટાડા બાદ ફરી હીટ વેવનો નવો રાઉન્ડ શરૂ થશે

નવીદિલ્હી,તા.૬

હીટ વેવનો નવો રાઉન્ડ ઉત્તરપશ્ચિમ ભારત અને મધ્ય ભારતના ભાગોમાં હીટ વેવનો નવો રાઉન્ડ શરૂ થવાની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ આ માહિતી આપી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર પશ્ચિમ ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે છેલ્લા ૨-૩ દિવસમાં ગરમીમાં ઘટાડો થયો છે, દિવસના તાપમાનમાં ઘટાડો થયો છે પરંતુ આગામી એક – બે દિવસમાં આ સ્થિતિ બદલાવાની છે.

આઈએમડીના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે ખાસ કરીને રાજસ્થાન, મધ્યપ્રદેશ અને વિદર્ભના વિસ્તારોમાં અલગ-અલગ હીટ વેવની સ્થિતિ શરૂ થવાની ધારણા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં આજે અને આવતીકાલથી ગરમીનો નવો તબક્કો શરૂ થશે અને ૭ મે સુધીમાં તે ઉત્તર પશ્ચિમ ભારત અને મધ્ય પ્રદેશના ભાગોમાં ફેલાઈ જશે. મહાપાત્રાએ જણાવ્યું હતું કે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને વિદર્ભ ક્ષેત્રના અલગ-અલગ સ્થળો માટે ટૂંક સમયમાં હીટ વેવની ચેતવણી જારી કરવામાં આવશે.વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના વિવિધ ભાગોમાં કાળઝાળ ગરમીની સમીક્ષા કરવા અને ચોમાસાને લગતી તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક મહત્વપૂર્ણ બેઠકની અધ્યક્ષતા કરી હતી એ યાદ રહે રહે કે દેશના ઘણા ભાગોમાં તાપમાનનો પારો ઝડપથી વધી રહ્યો છે અને ઘણા શહેરોમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. જો કે બુધવારે દિલ્હી સહિત દેશના કેટલાક ભાગોમાં કરા અને વરસાદને કારણે લોકોને આકરી ગરમીમાંથી થોડી રાહત મળી છે.

# આજે વિશ્વ તેના લક્ષ્યો હાંસલ કરવાના માધ્યમ તરીકે ભારતના વિકાસના સંકલ્પોને માની રહી છે. : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,તા.૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના 'JIT' કનેક્ટ ૨૦૨૨'ના ઉદ્દ્ઘાટન સત્રને સંબોધન કર્યું હતું. સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ આજના કાર્યક્રમની થીમમાં 'સબકા પ્રયાસ'ની ભાવનાની નોંધ લીધી અને કહ્યું કે આજે વિશ્વ તેના લક્ષ્યો હાંસલ કરવાના માધ્યમ તરીકે ભારતના વિકાસના સંકલ્પોને માની રહી છે. વૈશ્વિક શાંતિ હોય, વૈશ્વિક સમૃદ્ધિ હોય, વૈશ્વિક પડકારો સાથે સંબંધિત ઉકેલો હોય કે વૈશ્વિક સપ્લાય ચેઈનને મજબૂત બનાવવી હોય, વિશ્વ ભરપૂર વિશ્વાસ સાથે ભારત તરફ જોઈ રહ્યું છે. ×અમૃત કાળ' માટે ભારતના ઠરાવ વિશે ઘણા યુરોપિયન દેશોને જાણ કર્યા પછી હું હમણાં જ પાછો ફર્યો છું× એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે નિપુણતાનું ક્ષેત્ર, ચિંતાનું ક્ષેત્ર અને લોકોના અભિપ્રાયનો જે પણ મતભેદ હોઈ શકે, તે બધા નવા ભારતના ઉદય દ્વારા એક થયા છે. આજે દરેકને લાગે છે કે ભારત હવે 'સંભાવના અને સંભવિતતા'થી આગળ વધી રહ્યું છે અને વૈશ્વિક કલ્યાણનો મોટો હેતુ પાર પાડી રહ્યું છે. સ્વચ્છ હેતુઓ, સ્પષ્ટ ઈરાદા અને સાનુકૂળ નીતિઓના તેમના અગાઉના નિવેદનને પુનરાવર્તિત કરતા તેમણે કહ્યું કે આજે દેશ પ્રતિભા, વેપાર અને ટેકનોલોજીને શક્ય તેટલું પ્રોત્સાહિત કરી રહ્યો છે. આજે દેશ દરરોજ ડઝનેક સ્ટાર્ટઅપની નોંધણી કરી રહ્યો છે, દર અઠવાડિયે એક યુનિકોર્ન બનાવે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે જ્યારથી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ એટલે કે થીસ પોર્ટલ અસ્તિત્વમાં આવ્યું છે ત્યારથી તમામ ખરીદીઓ બધાની સામે એક પ્લેટફોર્મ પર થાય છે. હવે છેવાડાના ગામડાના લોકો, નાના દુકાનદારો અને સ્વ-સહાય જૂથો સરકારને તેમના ઉત્પાદનો સીધા વેચી શકશે. આજે ૪૦ લાખથી વધુ વિક્રેતાઓ GeM પોર્ટલ સાથે જોડાયા છે, એવી તેમણે માહિતી આપી હતી. તેમણે પારદર્શક 'ફેસલેસ' કર આકારણી, એક રાષ્ટ્ર-એક કર, ઉત્પાદકતા સાથે જોડાયેલી પ્રોત્સાહક યોજનાઓ વિશે પણ વાત કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે અમારો માર્ગ અને ભવિષ્ય માટેનું લક્ષ્ય સ્પષ્ટ છે. "આત્મનિર્ભર ભારત એ આપણો માર્ગ અને આપણો સંકલ્પ છે. વર્ષોથી, અમે આ માટે દરેક જરૂરી વાતાવરણ બનાવવા માટે સતત કામ કર્યું છે." પ્રધાનમંત્રીએ સભાને પૃથ્વી માટે કામ કરવા વિનંતી કરી. તેમણે જણાવ્યું કે 'ઈ' એટલે પર્યાવરણની સમૃદ્ધિ. તેમણે આગામી વર્ષે ૧૫ ઓગસ્ટ સુધીમાં દરેક જિલ્લામાં ઓછામાં ઓછા ૭૫ અમૃત સરોવર બનાવવાના પ્રયાસોને તેઓ કેવી રીતે સમર્થન આપી શકે તે અંગે પણ ચર્ચા કરવા વિનંતી કરી. 'છ' એટલે ખેતીને વધુ નફાકારક બનાવવી અને કુદરતી ખેતી, ખેતીની ટેકનોલોજી અને ફૂડ પ્રોસેસિંગ સેક્ટરમાં વધુને વધુ રોકાણ કરવું. 'ઈ' નો અર્થ છે રિસાયક્લિંગ અને પરિપત્ર અર્થતંત્ર પર ભાર મૂકવો, પુનઃઉપયોગ, ઘટાડો અને રિસાયકલ માટે કામ કરવું.ટી એટલે શક્ય તેટલા લોકો સુધી ટેક્નોલોજી પહોંચાડવી. તેમણે પ્રેક્ષકોને ડ્રોન ટેક્નોલોજી જેવી અન્ય અદ્યતન ટેકનોલોજીને વધુ સુલભ કેવી રીતે બનાવી શકાય તે અંગે વિચાર કરવા વિનંતી કરી. 'એચ' એટલે કે-સ્વાસ્થ્ય સંભાળ, તેમણે કહ્યું કે આજે સરકાર દેશના દરેક જિલ્લામાં હેલ્થકેર અને મેડિકલ કોલેજ જેવી વ્યવસ્થાઓ માટે ઘણું કામ કરી રહી છે. તેમણે સભાને તેમની સંસ્થા આને કેવી રીતે પ્રોત્સાહિત કરી શકે તે વિશે વિચારવા કહ્યું હતું. વડાપ્રધાને કહ્યું હતું કે ગઈકાલે જ હું યુરોપના કેટલાક દેશોની મુલાકાત લઈને અને ઘણા લોકો સાથે ભારતની શક્તિ, સંકલ્પ અને સ્વતંત્રતાના અમૃતકાળ દરમિયાન ભારતમાં વર્તમાન અવસરો વિશે વિગતવાર ચર્ચા કરીને પાછો ફર્યો. અને હું કહી શકું છું કે જે પ્રકારનો આશાવાદ, જે પ્રકારનો આત્મવિશ્વાસ આજે ભારતની સામે આવી રહ્યો છે. તમે પણ વિદેશ જાવ અને તમારામાંથી જેઓ વિદેશમાં સ્થાયી થયા છે, તમે બધા તેનો અનુભવ કરો. દરેક ભારતીય, પછી ભલે તે વિશ્વના કોઈપણ ભાગમાં હોય કે ભારતના કોઈપણ ખૂણે, દરેક ભારતીય આજે ગર્વ અનુભવી રહ્યો છે. આપણા આત્મવિશ્વાસને પણ તેમાંથી એક નવી ઉર્જા મળે છે, તેને નવી તાકાત મળે છે. આજે વિશ્વ ભારતના વિકાસના સંકલ્પોને તેના લક્ષ્યોને પ્રાપ્ત કરવાના સાધન તરીકે માની રહ્યું છે. વૈશ્વિક શાંતિ હોય, વૈશ્વિક સમૃદ્ધિ હોય, વૈશ્વિક પડકારોનો ઉકેલ હોય કે પછી વૈશ્વિક પુરવઠા શૃંખલાનું સશક્તીકરણ હોય, વિશ્વ હવે ભારત તરફ જોઈ રહ્યું છે અને ખૂબ જ આત્મવિશ્વાસથી જોઈ રહ્યું છે.દુનિયામાં રાજકારણ સાથે સંકળાયેલા લોકો હોય, નીતિ ઘડતર સાથે સંકળાયેલા લોકો હોય, અથવા તમારા જેવા સભાન સમાજના લોકો હોય કે વેપારી સમુદાયના લોકો હોય, નિપુણતાના ક્ષેત્રો, ચિંતાના ક્ષેત્રો ગમે તે હોય, મતભેદ ગમે તે હોય, પરંતુ નવા ભારતનો ઉદય બધાને એક કરે છે. આજે દરેકને લાગે છે કે ભારત હવે સંભાવના અને સંભવિતતાથી આગળ વધી રહ્યું છે અને વૈશ્વિક કલ્યાણના હેતુ સાથે પ્રદર્શન કરી રહ્યું છે.

# પશ્ચિમ બંગાળની સ્થિતિ બાકીના રાજ્યો કરતા ઘણી સારી છેઃ મુખ્યમંત્રી મમતા બેનર્જી



કોલકતા,તા.૬

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ગુરુવારે ભાજપ શાસિત રાજ્ય ઉત્તર પ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની ખરાબ સ્થિતિ પર નિશાન સાધતા કહ્યું કે પશ્ચિમ બંગાળની સ્થિતિ બાકીના રાજ્યો કરતા ઘણી સારી છે. હકીકતમાં, ગૃહમંત્રી અમિત શાહે ભૂતકાળમાં કહ્યું હતું કે જો કોઈ પશ્ચિમ બંગાળ જાય છે, તો તેની હત્યા થઈ શકે છે. બીજેપી નેતાના આ નિવેદન પર પલટવાર કરતા ટીએમસી સુપ્રીમોએ ઉપરોક્ત વાત કહી છે.

રાજધાનીના નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં સત્તામાં તેમના ત્રીજા કાર્યકાળની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરતા બેનર્જીએ કહ્યું, "જો કોઈ કહે કે બંગાળ ન જાઓ, જો તમે બંગાળ જશો તો તમને મારી નાખવામાં આવશે, મને લાગે છે. ખરાબ.. બંગાળ અન્ય રાજ્યો કરતા ઘણું સારું છે."

સીએમ મમતાએ બીજેપી શાસિત ઉત્તર પ્રદેશ પર નિશાન સાધતા કહ્યું કે, "આજે યુપીમાં છોકરીઓ ન્યાય માંગવા જાય છે તો પીડિતાને આરોપી બનાવી દેવામાં આવે છે. પરંતુ અહીં અમે એવું નથી કરતા. જો દોષિત ઠેરવવામાં આવે તો અમે અમારા પાર્ટીના કાર્યકરોને પણ નહીં. પરંતુ કેટલાક લોકો એવા છે જે નકલી વીડિયો શેર કરતા રહે છે.તેમણે કહ્યું કે રાજનીતિ કરવા માટે તમારે સામાજિક કાર્ય કરવું પડશે. આવી સ્થિતિમાં આજે હું ફરી એકવાર મારી માતાઓ અને બહેનોની સામે શપથ લઉં છું કે જ્યાં સુધી હું સત્તામાં છું ત્યાં સુધી બંગાળ માટે કામ કરીશ. બંગાળ ભારત માટે માર્ગદર્શક સાબિત થશે. સંબોધન દરમિયાન તેમણે કહ્યું કે, અમારી સરકાર છેલ્લા ૧૧ વર્ષથી સત્તામાં છે. આવી સ્થિતિમાં જો કોઈમાં હિંમત હોય તો તેણે મારા દ્વારા કરેલા કામને પડકારવું જોઈએ. હું તેમને જવાબ આપવા તૈયાર છું. જો તમારે વાત કરવી હોય તો મુદ્દાઓ પર કરો. મારા વિરુદ્ધ બોલવા, ગેરમાર્ગે દોરવા અને કાવતરું કરવાનો કોઈ ફાયદો નથી."સીએમ મમતાએ કહ્યું, "લોકો મારા વિશે શું કહે છે તેની મને પરવા નથી. હું રાજ્યના લોકોના હિતમાં રાજનીતિ કરવામાં માનું છું. જે લોકો અહીં દુર્ગા પૂજા ઉજવે છે તેઓ પણ ઈદની ઉજવણી કરે છે. આપણે બધા એક જ તહેવાર ઉજવીએ છીએ. સાથે મળીને ઉજવીએ છીએ."

"જણાવી દઈએ કે ૬ એપ્રિલે ગૃહમંત્રી અમિત શાહે રાજ્યસભામાં આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે જો કોઈ પશ્ચિમ બંગાળ જાય છે તો તેની હત્યા થઈ શકે છે. મંત્રીની આ ટિપ્પણીનો ટીએમસી સાંસદોએ વિરોધ કર્યો હતો.

# રાજુ રદીને ઈટાલીની ચૂંટણીમાં મત આપવું જવું છે!!

તમે સ્વીકાર કરો કે ન કરો. બધામાં ગરીબદ્વેષ વતો ઓછો હોય છે.અલબત, એ પણ વાજબી છે. એક તો લઘરવઘર હોય, કપડાં મેલાઘેલાં હોય. વાળ ઓળ્યા ન હોય. સૂતળીના રંગ જેવા વાળ હોય. આંખમાં સફેદ ચીપડા હોય, આખા શરીરે મેલ હોય. પગમાં જૂતા ન હોય. આંખમાંથી નિરંતર લાચારી નીતરતી હોય!

મહાત્માજીએ ગરીબોને દરિદ્રનારાયણ જેવી પીએચડી કક્ષાની મોટી ડિગ્રી આપી છે. બાપુને ગરીબ કયા એંગલથી નારાયણ લાગ્યા હશે તે અંગે ફોડ પાડ્યો નથી! આ વિભાવના પારસ્પરિક વિરોધાભાસી છે! આપણને લક્ષ્મી નારાયણની જરૂરત રહે છે. નારાયણની સાથે સાક્ષાત લક્ષ્મીદેવી ગૃહ પ્રવેશ કરે તો આપણી સાતે પેઢીનો બેડો પાર થઇ જાય!!

આઝાદી મળી ત્યારથી આપણે ગરીબોની ખેવના કરી હોવાનો હાઈપ ક્રિએટ કર્યો છે!! ગરીબી હટાવોની કૂકડેકૂક પણ પોકારવામાં આવી છે. ગરીબી હટી નથી પણ ગરીબો હટી ગયા છે. ગરીબો કૂદકેને ભૂસ્કે વધ્યા છે. ગરીબી નિવારણ માટે એટલા પૈસા વેડફયા છે કે નોટોના બંડલોના પર્વત કરીએ તો એવરેસ્ટ કરતાં ઊંચો ગિરિશૃંગ થાય, અપિતું ગરીબો ત્યાંના ત્યાં -ઝૂંપડી કે જુગ્ગીમાં છે!!

સમાજનો એક વર્ગ એવું માને છે કે ગરીબોને પાઇ પૈસાની-નગદ મદદ ન કરાય. ગરીબો હરામ હાડકાંના થઇ જાય. આ વર્ગ ખુદ સળી ભાંગીને બે કરતો નથી કે શેકેલો પાપડ ભાંગી શકતો નથી તો એ હરામ હાડકાનો ન કહેવાય?? આ વર્ગ ઘાસની ગંજી પરના કૂતરા જેવો ઈર્ષાળુ અને અદેખો છે. ગરીબને હજાર રૂપરડી પેન્શન આપો કે ફ્રી રેશન આપો તો આમનો ગ્રાસ કે ગિરાસ લૂંટાઇ ગયો હોય તેમ કકળાટ કરે. સરકાર બસો-ત્રણસો યુનિટ વીજળી આપે તો ખજાનો ખાલી થઇ ગયો હોય તેવી કાગારોળ કરવા માંડે!! સરકાર ગરીબોને કૂકર, વાસણકૂસણ, ગેસ સિલિન્ડર કે આવું કંઇ આપે તો તેમનો જીવ બળીને ખાખ કે રાખ થઇ જાય. સરકારી ખજાનો ગરીબો માટે વાપરવાનાં આવશે અને ફ્રી વસ્તુ આપવાના લીધે અર્થતંત્ર પર વિપરીત, અસાધ્ય અને પ્રત્યાઘાતની ઋણાત્મક વ્યાપક અસર પડશે તેવા તારણ કે નિષ્કર્ષ કાઢી દેશ શ્રીલંકા કે વેનેઝૂએલા જેવો નાદાર અને દેવાળિયો થઇ જશે તેવા રોદણાં રોવા માંડે. ગરીબીને ફૂટી કોડી આપો તો આવા વક્રદર્ષ્ટાનું પેટ અમળાવાં માંડે. અમીરોને મફત જમીન, સબસીડી, લાઇટબીલ માફ, મંજૂર કાયદામાંથી મુક્તિ, અબજોની લોન આપો તો પેટમાં લગીરે દુખતું નથી. માનો સફા ચૂર્ણ લીધું હોય ને પેટ સાફ ન આવ્યું હોય!!

આપણે ત્યાં ચૂંટણી રાષ્ટ્રીય પર્વ છે. પક્ષોને ચૂંટણીની ટિકિટ વહેંચવામાં પૈસા મળે છે, ઉદ્યોગો, વેપારીઓ , બિલ્ડરો પાસેથી ઈલેક્ટ્રોલ બોન્ડ કે અન્ય માધ્યમથી ચૂંટણી ફંડ મળે છે.ઉમેદવાર પાર્ટીએ આપેલા પૈસા ગટર કરી જાય છે. ચૂંટણી સ્ટાફને ચૂંટણી ડયૂટીમાં પૈસા મળે છે. ટુકમાં ફિલ ગુડ અને ઈન્ડિયા શાઈનીંગ જેવી ફિલ. સમજો અમૃતકાળ જેવી ફિલિંગ.!! ચોખલિયા લોકો ચૂંટણી લડે છે, પણ ચૂંટણી જીતી શકતા નથી. ચૂંટણી તો હારી જાય પણ ડિપોઝીટ ડુલ થાય તે લટકામાં .!! ચૂંટણી ઢંઢેરામાં ઢમ ઢોલ ને માંગે પોલમપોલ જેવા વચનો આપવામાં આવે. મતદારો વચનોથી રીઝતા નથી. ચૂંટણીમાં મતદારોના ગજવા ગરમ કરવા પડે છે. મતદારો માટે પાંચ વરસના રમઝાનના રોજા-ઈબાદત પછી ચૂંટણીરૂપી ઈદ આવે છે. જેમાં ઈદી તરીકે ચવાણું, બાટલી, રોકડ રકમ, સાડી, ધોતી, બીડી-બુમલા ( સુકી માછલી) મેળવવાનો આશય હોય છે. લોકશાહીને મજબુત કરવા માટે દરેકે કાંઇક કરી છૂટવું જ રહ્યું. કૂકર, કથરોટ, સોનાની ચેઇન,વાસણ, કપડાં વગેરે મતદારોને આપી તેનો કિંમતી ( અને બિકાઉ) મત મેળવવામાં ખોટું શું છે? એકને વસ્તુ કે રોકડ મળે છે બીજાને ખુરશી મળે છે. એકની ભૂખ ક્ષણાર્ધ ભાંગે છે, બીજાની સતાભૂખ ભાંગે છે. ટુંકમા બંને પક્ષો રાજી છે- મિયાંબીબી રાજી તો કયા કરેગા ઈલેકશન વોચડોગ ?? ચૂંટણીમાં મતદારોને લ્હાણી આપણા દેશમાં જ કરવામાં આવે છે તેવું નથી!! અમેરિકાના શિકારો શહેરમાં અહીંયા મત મેળવવા માટે મતદારોને આકર્ષિત કરવા બાબતે કોઇ રોક નથી અને આ સમયે પેટ્રોલની મોંઘવારી ચર્ચામાં છે ત્યારે શિકાગો શહેરમાં આગામી વર્ષે થનારી ચૂંટણીને લઇને એક કરોડપતિ વિલિ વિલ્સને પેટ્રોલને જ જીત માટેનો રસ્તો બનાવવા વિચાર્યું છે. વિલિ વિલ્સને ૫૦ ડોલરના પેટ્રોલનું નિઃશુલ્ક વિતરણ શરૂ કર્યું છે. મેયરની ચૂંટણીમાં કરોડપતિ ઉમેદવાર ઉતર્યો, ૩૮૦૦ રૂપિયાનું પેટ્રોલ મફત આપ્યું, લક્ઝરી કારોની કતારો લાગી છે!!

ટોયોટાથી લઇને રેન્જ રોવર જેવી કાર કતારમાં પ્રતીક્ષા કરી રહી છે. વિલ્સન માત્ર એક સ્થળ પર જ નહીં, પરંતુ શહેરનાં ૧૫ અલગ અલગ સ્થળો ઉપરાંત અન્ય શહેરોમાં પણ પેટ્રોલનું વિતરણ કરી રહ્યા છે. બે મહિનામાં ત્રીજી વાર ફ્રીમાં પેટ્રોલ આપવાનું અભિયાન ચલાવીને તેઓએ તેના પર અંદાજે ૨.૨ મિલિયન ડોલર (લગભગ રૂ.૧૬.૮૩ કરોડ) ખર્ચી ચૂક્યા છે. વિલ્સને ખાસ કરીને અશ્વેત લોકોના વિસ્તારોમાં પેટ્રોલ વધુ વેચ્યું છે. વિલ્સન કહે છે કે, ડોલરનો ઉપયોગ કરવાની આ સારી રીત છે. તેનાથી ગરીબોને મદદ મળે છે. શિકાગોમાં મોટા ભાગના ગરીબ અશ્વેત પરિવારો પાસે કાર નહીં હોવાની વાત પર વિલ્સનના અભિયાન પર વિપક્ષ મજાક ઉડાવી રહ્યા છે, પરંતુ પોતે એ જ રાહ પર આગળ વધી રહ્યા છે. મેયર લોરીએ પણ મતદારોને પ્રલોભન આપવા માટે લોકોને પેટ્રોલ અને ટ્રાન્સપોર્ટેશન સુવિધા આપવા માટે ૫૦ હજાર પ્રીપેડ કાર્ડની વહેંચણીની યોજના માટે સિટી કાઉન્સિલ પાસે મહોર લગાવડાવી છે. નિઃશુલ્ક પેટ્રોલ અભિયાનથી ચૂંટણીમાં જીતની આશા ૨૦૧૫ની ચૂંટણીમાં વિસ્લનને ૧૧% મતો મળ્યા હતા. મોટા ભાગના મતો અશ્વેતોના વોર્ડમાંથી મળ્યા હોવાથી, પેટ્રોલની ફ્રીમાં વહેંચણી કરવાની યોજનાથી તેઓને ફાયદો થશે તેવી આશા છે. તેનાથી તેઓ જીતશે, તે નક્કી નથી, પરંતુ મેયર લોરી રાઇટફૂટની મતોની ટકાવારી ઘટી શકે છે.

કહે છે કે એક લેખકે ચૂંટણીમાં મતદારોને આપવામાં આવતી ભેટો પર આપતિ જગાવી છે. આ લેખકે દેશની દશા શ્રીલંકા કે વેનેઝૂએલા જેવી થવાની સંભાવના દર્શાવી છે!!લેખક જે જગ્યાએ સેવા આપે છે ,ત્યાં તમામ પ્રકારની સેવા લેવામાં છોછ હોતો નથી.

ઈટાલીમાં એક ચૂંટણીમાં રૂપજીવિની ઉભી રહેલી. આ રૂપજીવિનીએ ચૂંટણીમાં જીતી જશે તો મતદારને કિસ કરવા દેશે તેવી જાહેરાત કરી હતી !!! આ સાંભળીને રાજુ રદીને ઈટાલીની ચૂંટણીમાં મત આપવું જવું છે!!

ભરત વૈષ્ણવ

---

તો સારું
ફાટેલા વસ્ત્રોની જેમ,
લાગણી સંધાય તો સારું.
ચરખો રૂની પુણી કાંતે જેમ,
માંગણી કંતાય તો સારું,
ગમે તેટલી વાર અડકો,
લજામણી ન લંધાય તો સારું
સાપ કાંચળી ત્યજે જેમ,
ઈચ્છા ત્યજાય તો સારું.
પારિજાતના પુષ્પોની જેમ,
સુકૃત્યો પમરાય તો સારું!
દેહ માટીનો બંધાય જેમ,
આત્મા ગંધાય તો સારું
ભરત વૈષ્ણવ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



## NOG SS NO:-0115

વિષય...ધૂપ છાવ
શિર્ષક...માવતરનું જીવતર
નામ...વિદ્યા વિશાલ કંસારા

સંતાનોની લાગણીની લેહરો માં
લુંટાઈને....
ખેડ્યું ખેતર વૈશાખની બપોરમાં
બાંધ્યો હિંડોળો લીમડાની છાંયામાં
પોઢાડયું પોટણ મમતાની કાયામાં
હસેછે હૈયું અશ્રુઓની ધારામાં...
એક દિવસ બાંધીશ હિંડોળો
ચાંદને સિતારામાં
વેઠી છે ધૂપ તો કયારેક છાવ પણ હશે
શતરંજની બાજીમાં કયારેક બાદશાહ પણ હશે
સમયનું વેહણ બદલાય છે....
સંતાનો સમયની સાંકળમા બંધાય છે....
બંધાયેલા સંતાનો માવતરથી તણાય છે....
ફરી માવતરનુ જીવતર ધૂપમાં ધવાય છે
વિદ્યા વિશાલ કંસારા,સુરત

---

## NOG Houston: NOG SSN 0089

વિષય અખાત્રીજ
શીર્ષક શુભ દિન
પ્રવિણા

વૈશાખ સુદ ત્રીજ, અક્ષય તૃતીયા હિંદુ ધર્મમાં ખૂબ પાવન માનવામાં આવે છે.
તેનું બીજું નામ ' પરશુરામ જયંતિ' પણ છે. આ દિવસે થતા શુભ કાર્ય માટે મુહૂર્ત જોવાની જરુર નથી. શુભ કાર્ય જેવાકે લગ્ન, નવા ઘરમાં પ્રવેશ યા નવા ધંધાના ગણેશ આ દિવસે કરવાનું સહુ પસંદ કરે છે.
આજથી ૫૫ વર્ષ પહેલાં અખા ત્રીજના શુભ દિવસે પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આ દિવસે શુભારંભ થયેલા કાર્યનું પરિણામ શુભ જ આવે તેવી માન્યતા લોકોના મગજમાં ઘર કરી ગયો છે.
શુભ ઘડી, શુભ દિવસ , શુભ પ્રસંગ કશું વિચારવાનું નહી. ત્રેતા યુગનો આરંભ પણ આ દિવસે થયો હતો.
સુદામાજી તાંદુલની પોટલી લઈ મિત્રને આ શુભ દિવસે મળ્યા હતા. એ તાંદુલની મિઠાશ કૃષ્ણ એ ખૂબ પ્રેમથી માણી હતી.
હિંદુ પંચાગ પ્રમાણે આ દિવસનું મહાત્મય અપરંપાર છે. સત્ય કહીશ આ આસ્થા નો વિષય છે. જેમાં ચર્ચા યા વિવાદ કરવા
નિરર્થક છે.
જેનો ક્ષય નથી એ અક્ષય તૃતીયા . સહુનો મંગલ નીવડે. સહુનું શુભ થાય

---

## NGO.S.S no:- 0032

વિષયઃ- ધૂપછાંવ
શીર્ષકઃ- સૂરજદેવ

હતી એ ધૂપ સવારની,
લાગતી થોડી મુલાયમ.
બપોરે એ ધૂપ સળગતી,
રણની રેતીને કણસતી.
વૈશાખને એ બાળતી,
મનને એ ખાળતી.
અગનજાળે સળગતી,
સાંજ પડે ઠારતી.
આંબા ડાળે હીંચકા,
કોયલના મીઠાં ટહૂકા.
નથી જીવાતું પરિતાપમાં,
કાળજાળ ગરમીમાં.
સાંજ પડે સૂરજ આથમે,
છાવમાં ધીમા તપો.
ઠંડા પડો સૂરજદેવ
ઠંડા પડો સૂરજદેવ
મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

## Nog SS No :-0038

વિષય :-ધૂપ છાવ
વિભાગ :-પદ્ય
શીર્ષક :-, તું હતી મા

તારી છત્રછાયામાં જિંદગી ખુશખુશાલ હતી મા,
પાલવની છાયા મીઠીમધુરી સુખકારી હતી મા.
જોઈ તારો ચહેરો હરખથી દલડું મારુ નાચી ઉઠતું
સ્નેહની નદીમાં તપેલા કાળજાની ઠંડક હતી મા.
તારા છાંયડે બેસી જીવનના સઘળા પાથ શીખ્યા,
જિંદગીની કસોટી પાસ કરવાની હિંમત હતી મા.
હેતની હેલીથી ભીંજવી દેતી સદાય અમને મા તું
ધૂપ છાવમાં ડગલે ડગલે અમારી સાથે તું હતી મા.
દેહથી દૂર હોય,પણ નજીક છે એવો અહેસાસ રહે છે,
થાકીને બેસું તારી છાયામાં શિરે હાથ દેનાર તું હતી મા.
શીલાપટેલ "આકાંક્ષા"

---

## NOG SS No-106

ઙ્ગ- સાહિત્ય સરિતા ગ્રુપ.
વિષયઃ-"ધૂપ છાંવ"
પ્રકારઃ-ગદ્ય
શબ્દઃ-૨૬૦
શીર્ષકઃ-"તેજ-તિમિર"

કોઈને"હજામ" કહો તો? એને ખરાબ લાગી જાય!!
કોઈને "શિક્ષક"કહીએ તો ખરાબ લાગે??!
"માસ્તર" old fationed word છે !
તો (મારા જેવા જંઅક્નીજર લોકોને)ન ગમે!
એ સ્વાભાવિક છે પણ...
"હજામ" કહીએ તો 'હળાહળ-ખોટું લાગી જાય'!
આ ગુજરાતી બોલીની ખાસિયત.
એક વાર્તા..
'ધનિયા હજામની.
રાજા,પોતાનો મુગટ(પાઘડી) ન ઊતારે! હવે તો વાળ બહુજ મોટા થઈ ગયા!
ધનિયા હજામને બોલાવ્યો! કહ્યું -"જો મારા કાન મોટા છે ! આ વાત બહાર જાય નહિ!"
પ..ણ.. આ તો "હ..જા..મ.." એનાથી રહેવાય?
એના પેટમાં વાત ના રહી. ..
આખાં ગામમાં ઢંઢેરો પીટાઇ ગયો..
"રાજા તો સૂપડકન્નો છે! અંતે ...
ઢોલ-નગરાં-ત્રાંસાં પણ બોલવા લાગ્યાં -
(ઢોલ):"રાજા સૂપડ કન્નો- રાજા સૂપડ કન્નો"-
-(નગારું)તને કોણે કીધું- (ત્રાસું)તને કોણે કીધું
(તબલાં)ધન્ ધન્ ધનિયા હજામે કીધું" ધન્ ધન્ ધનિયા હજામે.."
હજામ વગર હાલે નઈ!
મુંબઈમાં - જુદીજુદી જાતના "કેશ-કર્તનાલય" હોય છે.
ઝૂંપડપટ્ટીમાં,ઝાડની નીચે,એક નાનો અરીસો/ખુરશી મૂકી,'કેશકર્તન' કરતા -વાળંદભાઈઓને જોયા છે?--
આ જગ્યાને બંબિયાબોલીમાં
"ધૂપ/છાંવ"કહેવાય. 'જાવેદહબીબ(બ્યુટીક)'પાસે વાળ કપાવ્યા પછી, "ઉપર છછૂંદર ફરી ગઈ હોય" એવા દેખાય તો,
લોકો પૂછે કે
ભાઈ "ધૂપ/છાંવ"માં વાળ કપાવ્યા કે શું?
---જે હોય તે---
'પાપી પેટ કે ખાતિર'
દરેક જાતના કામ કરવાં જોઈએ. કરવાં પડે.
રાજાને પણ પોતાનું પાપ છુપાવવું પડે.
જિંદગી છે!
તકલીફ તો આવે ને જાય.
ઊંચીનીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ, ભરતી,તેવી ઓટ છે,
ને ઓટ પછી જ જુવાળ!!
અટપટી જિંદગીના તાણાવાણામાં-ખોટાંકર્મબાંધી,
જનમોના-
અંધારા લખચોરાસીફેરામાં ફસાવા કરતાં,
સત્કર્મ-સદ્વિચાર-સત્સંગ-
સેવા-સંકીર્તન સાથે--
ઈશ્વર સમર્પણ કરી,
ઈશ્વર પાસે માગીએ
"ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા".
મુક્તિદા ઓઝા

---

## N. O..G. S.S. No 0102.

નામઃ- રતીલાલ વાયડા
વિષય. :- ધૂપ છાંવ.
પ્રકાર. :- ગદ્ય. વાર્તા.
શીર્ષક. ;- જીવન પરિવર્તન.
રચનાઃ-

મનોજભાઈ ગામડામાં રહેતા હતા. તેની પરિસ્થિતિ ખૂબ ગરીબ હતી .પોતાના જીવનનો ગુજારો કરી શકે તેવી હાલત ન હતી. તેને એક પુત્ર હતો મહેશ. ગામડાનું શિક્ષણ પૂરું કરી અને હવે તેને શહેરમાં ભણવા મોકલવાની ઈચ્છા હતી., પરંતુ તેની પાસે ત્યાં નો ખર્ચ ઉપાડવા માટે કોઈ વ્યવસ્થા ન હોવાથી મહેશને ભણવાનું છોડી દેવાનો વારો આવે એવી હાલત થઈ ગઈ હતી.

મનોજભાઈના ઓળખીતા સુરેશભાઈ શહેરમાં રહેતા હતા અને તેનો ધંધો સારો ચાલતો હતો. તેથી મનોજભાઈએ તેનો સંપર્ક સાધ્યો અને પોતાના પુત્રને હાઈસ્કૂલમાં ભણવા માટેની વ્યવસ્થા કરવા માટે જણાવ્યું.

સુરેશભાઈએ કહ્યું કે મારે નોકરની ખૂબ જરૂર છે .હું તમને કોઈ પગાર નહી આપું .પરંતુ તમારો છોકરો મારે ત્યાં રહે અને કામકાજ કરે એ વાત જો તમને મંજુર હોય તો ભલે આવતો.

મહેશે બધી શરતો સ્વીકારી અને શહેરમાં સુરેશભાઈને ત્યાં રહેવા માટે ચાલ્યો ગયો.

ભણવા માટે ધોરણ આઠમાં હાઈસ્કૂલમાં દાખલ થયો. ફી ભરવાના , યુનિફોર્મના પુસ્તકો ખરીદવાના પૈસા ન હતા .

મહેશે પોતાની હકીકત પ્રિન્સિપાલ સાહેબને જણાવી .પ્રિન્સિપાલ સાહેબે તેને તમામ પ્રકારની સુવિધા આપવાની મંજૂરી આપી અને મહેશનું શિક્ષણકાર્ય શરૂ થઈ ગયું.

મહેશ સુરેશભાઈને ત્યાં સવારે પાંચ વાગ્યે ઊઠી અને રાત્રે અગ્યાર વાગવા સુધી તેના ધંધામાં સતત કાર્યશીલ રહે તો .તેને જરા પણ આરામ કરવાની ફુરસદ આપવામાં આવતી ન હતી. સુરેશભાઈ એ વાત ભૂલી ગયા કે મહેશ ભણવા માટે આવેલો છે. તેને કામમાં વારંવાર ટોક ટોક કરે ,ક્યારેક મારફૂટ કરે અને ક્યારે ખાવા પીવા ન આપે. કામને અંગે ઘણી વાર મહેશ હાઈસ્કૂલમાં મોડો પડતો ,લેસન ન કરી શકતો, સારો અભ્યાસ ન કરી શકતો અને તેને કારણે તેને શાળામાં વર્ગની અંદર સજા કરવામાં આવતી હતી. મોટા વિદ્યાર્થી મિત્રો ની વચ્ચે તે હાસ્યાસ્પદ બની રહેતો હતો. આ વાતનું તેને ખૂબ દુઃખ હતું.

મહેશને ભણવાની ખૂબ જ હોશ હોવાને કારણે રોજ રાત્રે મોડા સુધી સતત અભ્યાસ કરે રાખતો હતો.તેના પરિણામે છેક તે મેટ્રિક સુધી પહોંચી ગયો અને પ્રથમ પ્રયાસે પાસ થઈ ગયો.

ત્યાર પછી તે કોલેજમાં દાખલ થયો થોડી પ્રાઇવેટ નોકરી કરી અને કોલેજ નો ખર્ચ ઉપાડી લે તો. આ રીતે તે બી.એ .પાસ થયો ત્યાર પછી નોકરી કરતા એમ.એ પાસ થયો અને બેંકમાં નોકરી લાગી ગયો.

આજે તે બેંકમાં નોકરી કરી સારો પગાર કમાય છે .પોતાના માતા-પિતાને પાસે બોલાવી લીધા છે. પોતાનું કૌટુંબિક જીવન આનંદપૂર્વક વિતાવે છે.

આમ બચપણમાં ખૂબ તડકો જોયો ખૂબ મુશ્કેલી થઇ અને તેના પરિણામે આ જ તેને છાયામાં સુંદર અને સારું જીવન જીવવાની મહેનત કર્યા બાદ તક મળી. આમ માણસના જીવનમાં ધૂપ છાંવ આવ્યા જ રાખે છે. માણસે આવી સ્થિતિમાં મક્કમતા અને ધીરજથી આગળ વધવું જોઈએ.

રતીલાલ વાયડા, નવી મુંબઈ

# હર્ષ બ્રહ્મભટ્ટની ગઝલ જો ને તો નો આસ્વાદ

પ્રથમ તો તું ત્વચા ઉતરડી જો,
પછીથી રમજે સંબંધોની ખો.
આપણે એકબીજા પર નિર્ભર,
હોય સંગાથે જેમ જો 'ને તો.
કોઈ ભળતો જ આ હશે મારગ,
શ્વાસનો ક્યારે હતો આવો ભો.
હુંય એકલ પ્રવાસી છું સૂરજ,
હોય થાકી ગયો તો ચહેરો ધો.
સવાર પાડવાની ઝંઝટ છે,
સાંજ તો આમ પણ પડે છે, લો.
માણસો એટલે નર્યા પત્રો ,
ખુશી ખબર લખીને બાળી દો.
યાદ રહી જાય એમ 'હર્ષ' કહ્યું
'હવેથી સાવ ભૂલી જાજો. હોં.'
હર્ષ બ્રહ્મભટ્ટ

ઋણાત્મક સંબંધોનાં સમીકરણ સ્પર્શેન્દ્રિયોંને નિઃશેષ કરીને જ અવિભાજ્ય સ્થાપી શકાય છે. જ્યાં સુધી એની સ્પર્શ વાહક ત્વચા એમને દોરતી હોય, એ અસલ ખેલ ખેલી શકતા નથી. એવી ઈંદ્રિય વિરક્તિની રમત ઉપરોક્ત ગઝલ સર્જક

હર્ષ બ્રહ્મભટ્ટ આપણને મત્લાના શેરમાં જ આમ શરત મૂકી રમાડે છે.

×પ્રથમ તો તું ત્વચા ઉતરડી તો જો.
પછીથી રમજે સંબંધોની ખો.

હમકાફિયા-હમરદીફને અણસારે જ ખો-ખો ખેલતી આ ગઝલનો મત્લો સંત તબરેઝની

યાદ અપાવી જાય છે. જેમની અહમ્ બ્રહમાસ્મિતાના પરીક્ષણમાં રાજાએ ત્વચા

ઉતરડી હતી .

બીજો શેર વાસ્તવવાદની નિર્માલ્યતાને શક્યતાઓના જ બંધને 'જો અને તો'ની બેડીઓમાં બાંધી, ચરમ નિરાધારતાને

પ્રગટાવે છે. આજનમ શક્યતાની જ અટકળે પારસ્પારિક અનુબંધ સાધવાનો

આપણો અનુક્રમ આપણાં નિજત્વનો દીવો આપણાં ઉંબરે ય ક્યાં પ્રગટાવવા દે છે?

શેર પર દ્રષ્ટિપાત કરી જોઈએ.

×આપણે એકબીજા પર નિર્ભર,
જેમ સંગાથે જો અને તો.×

'જો અને તો'નું આમ વ્યક્તિકરણ કરી સજીવારોપણ કરવાનો કવિનો કસબ કાબિલે-તારીફ છે .

ત્રીજો શેર પણ અસ્તિત્વની અસમજંસતા અને પળોજણનો અધ્યાય નિર્મે છે. શ્વાસની શ્રધ્ધાના સંવહને જીવરથને હાંકતો સમય , અચનાક જ્યારે દિશા ખોઈ

અજાણ પંથે ભટકી પડે, ત્યારે એની શ્રધ્ધાઓ પણ, ભાંગી પડતા, ભયાવરિત થઈ જતો હોય છે. આમે શ્વાસ હર હંમેશ

એનાં નિર્ધારિત પંથે જ સફર કરવાની શાશ્વતતા દાખવતો હોય છે. એવામાં થતી પથ ચુકને આપણે કવિની ઉદગાર વ્યંજનામાં જ અનુભવીએ .

×કોઈ ભળતો જ આ હશે મારગ
શ્વાસનો ક્યારે હતો આવો ભો.×

ચોથો શેર હુંમાં સૂર્યની એકલ પ્રવાસિતાનું નિરૂપણ કરી એનો અનંત પંથ આદરે છે.

×હું ય એકલ પ્રવાસી છું સૂરજ,
હોય થાકી ગયો તો ચહેરો ધો.×

આ કવિના તપને આ જગ્યાએ મારો એક ઉર્દૂ શેર અર્પણ કરી પ્રગટ કરવા ચાહું છું.

'કહીં સૂરજ સે જિયાદા હી જલ ચુકા હું મૈં,
હદે - તમામ સે આગે નિકલ ચુકા હૂં મૈં. '

કવિ મહા સૂર્યસ્થ હોવાથી એમને થાકનો છાંટો યે લાગતો નથી. એથી એ સૂર્યના પ્રતીકમાં રાચતા તત્વને ય થાક લાગતા મોં ધોઈ તાજા થઈ પુનઃ સફર આદરવા આદેશ આપે છે.

પાંચમો શેર સવારના પ્રતીકમાં જાગૃતિને

વલોવી રહ્યો છે..કવિની અંતર જાગ્રતિ જ

એમને અન્યની ઝોંકા ખાતી સવારના પ્રાગટ્યની ઝંઝટમાં નાખી રહી છે.એ જાણે છે કે સામુહિક ચૈતન્ય પ્રાગટ્ય વિના જ નિત્ય ઢળી જતી સાંજો જ વિશ્વ વ્યાપી અંધકારોનું નિર્માણ કરતી હોય છે.

×સવાર પાડવાની ઝંઝટ છે.
સાંજ આમ પણ પડે છે, લો.×

છઠ્ઠો શેર રંગે-તગઝ્ઝુલને એના ચરમ પર લઈ જાય છે. જેમાં માણસના ચિત્રાત્મક સંવેદનો ને પત્રાની પરિભાષામાં મૂલવી, સંવેદનાત્મક સ્તરે મૂક્યા પછી, ભૂલી જવા નહીં, પણ બાળી નાખવા કાજે કવિ આદેશ દે છે.. માણસને પત્રારૂપ ઠેરવતી આ મિસાલ બેજોડ છે .આ સ્થળે જગજીત સિંહની એ પત્ર વાળી નઝમ સ્મરી આવે.

×તેરે ખુશબૂ મેં બસે ખત મૈં જલાતા કૈસે?
તેરે હાથોં કે લિખે ખત મૈં જલાતા કૈસે?
તેરે ખત આજ મૈં ગંગા મેં બહા આયા હું
આગ બહતે હુએ પાની મેં લગા આયા હું. ×

અંતિમ શેર સ્મરણ અને વિસ્મરણની ભૂમિકામાં જે રીતે વિરોધાભાસ રચે છે.

એ કવિની ગઝલિયતનો શિલાલેખ રચી જાય છે.

યાદ રહી જાય એમ ×હર્ષ× કહ્યું
હવેથી સાવ ભૂલી જાજો, હોં.×

'હોં' કાફિયો એનાં અનુસ્વાર ધ્વનિથી જે

આદેશની તીવ્ર ભૂમિકા ભજવે છે, એ ય બેફિકરાઈ પણ કવિની આગવી નિપજ છે.

હર્ષ બ્રહ્મભટ્ટ અમદાવાદ ખાતે સાહિત્ય સેવીનો ધર્મ બજાવતા પ્રતિમાસ ×સદા સર્વદા× કાવ્ય લક્ષી કાર્યક્રમ આયોજી, કવિતાને નવ્ય ઉદ્દેશી કરે છે.

સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ×ગુરૂ×

### અમદાવાદ જિલ્લામાં નાયબ હિસાબનીશ અને જુનિયર ફાર્માસીસ્ટની પરીક્ષા સંદર્ભે

# કેટલાક પ્રતિબંધ ફરમાવતું અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયુ

અમદાવાદ જિલ્લામાં ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા આયોજીત નાયબ હિસાબનીશ વર્ગ-૩ ની પરીક્ષા તા.૦૮/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી ૧૨.૩૦ કલાક અને જુનિયર ફાર્માસીસ્ટની પરીક્ષા બપોરે ૧૫.૦૦ કલાકથી ૧૬.૩૦ કલાક સુધી જગ્યાઓની ભરતી માટેની પરીક્ષા સુધીના જિલ્લાના નિયત કરેલાં પરીક્ષા સ્થળો પર યોજાનાર છે.

સદર પરીક્ષાઓની વિશ્વસનિયતા વધે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને ન્યાય મળી રહે, પરીક્ષામાં ગેરરીતીઓથી પરીક્ષાર્થીઓને કોઈ અડચણ ન થાય તથા ગેરરીતીઓ અટકાવી શકાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પરીક્ષા કેન્દ્ર સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવાની આવશ્યક્તાને ધ્યાને લઈ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પરિમલ બી.પંડયાએ તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા ઉક્ત પરીક્ષાઓના સમયગાળા દરમિયાન અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોમાં તેના માલિકો/સંચાલકો જાહેર પરીક્ષાને લગતા કોઈ પણ સાહિત્ય, પ્રશ્નપત્ર, જવાબવહી તથા કાપલીઓની ઝેરોક્ષ નકલ કાઢી શકશે નહીં તથા ઉક્ત પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો, ઝેરોક્ષ દુકાનોના સંચાલકોએ તેઓના ઝેરોક્ષ મશીનો બંધ રાખવા તથા સદરહુ પરીક્ષા કેન્દ્રોની ચતુર્દિશામાં ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી કેટલાંક કૃત્યો કરવા પર મનાઈ હુકમ ફરમાવ્યો છે. આ જાહેરનામાની અમલવારી તા.૦૮/૦૫/૨૦૨૨ના રોજ સવારના ૦૮.૦૦ કલાકથી સાંજના ૧૯.૦૦ કલાક સુધી કરવાની રહેશે.

ઉક્ત જાહેરનામામાં દર્શાવ્યા મુજબ પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું નહીં તેમજ કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા / કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં. પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખન કાર્યમાં અડચણ/વિક્ષેપ/ધ્યાન ભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું / કરાવવું નહીં તેમજ લાઉડસ્પીકર વગાડવા નહીં. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ, મોબાઈલ, કેલક્યુલેટર વગેરે જેવી ઈલેક્ટ્રોનિક આઈટમ તથા પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં. જેવા કૃત્યો પ્રતિબંધિત રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. એમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પરિમલ બી.પંડયાએ જણાવ્યું છે.

# ખારીઘારીયાલ ગામેશ્રી પીઠાઈ માતાજીનો (રથ) હાથીયો નીકળ્યો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે વૈશાખ સુદ-૪ ને ગુરૂવાર ના દિવસે સારા શુભ ચોઘડિયે સાંજના ૮ :૩૦ કલાકે ગામ ચોરેથી શ્રી પીઠાઈ માતાજીનો (રથ) હાથીયો ચાર બળદોથી જોડીને લેઉવા પટેલ સમાજ દ્વારા કાઢવામાં આવે છે.જે વર્ષોની પરંપરાગત ગામની બાંધણી થઈ ત્યારથી આજદિન સુધી(રથ) હાથીઓ નીકળે છે.શ્રી પીઠાઈ માતાજી ના સંકુલમાં ખુબજ જુનો લાકડાનો (રથ)હાથીયો પણ લોકોનું ધ્યાન કેન્દ્રીત કરે છે.જે (રથ) હાથીયાને વાગતા ઢોલે ગામના મુખીના ઘરનાં વધાવે છે.આખા ગામના લોકો (રથ) હાથીયાના દર્શન કરવા ઉમટી પડે છે. ત્યારબાદ (રથ)હાથીયો ગામ વચ્ચે થઈ વાગતા ઢોલે તેમજ માતાજી ના જય જયકાર સાથે ગામની પશ્ચિમ દિશામાં તળાવની બાજુમાં શ્રી પીઠાઈ માતાજીના મંદિરે પુર ઝડપે જાય છે.અને માતાજી ના મંદિરે જઈ ઉભો રહે છે.અને ચાર બળદોનાં નામ પાડવામાં આવે છે.જેમ કે અષાઢ, શ્રાવણ , ભાદરવો , આસો.જેવા બળદો જે પહેલા ઝરે તેમજ વધુ ઝરે તેના ઉપરથી વરસાદની આગાહી કરવામાં આવે છે. આવતું વર્ષ સારૂં આવશે તેવું ગામના શીવરામભાઈ પટેલે જણાવ્યું હતું.ત્યારબાદ (રથ) હાથીયો ગામમાં પરત ફરે છે. અને ગામ વચ્ચે આવીને (રથ) હાથીયાનું સમાપન થયું હતું.

### જીટીયુ દ્વારા વિદ્યાર્થીનીઓ અને મહિલા કર્મચારીઓ

# માટે સ્વ-રક્ષણ તાલીમનો વર્કશોપ યોજાયો

### વર્તમાન સમયમાં દરેક વિદ્યાર્થીનીઓ અને મહિલા કર્મચારીઓએ આત્મરક્ષણની તાલીમ મેળવવી જ જોઈએ - પ્રો. ડો. નવીન શેઠ



સમાજમાં જોવા મળતી કેટલીક અનિચ્છનીય ઘટનાઓ અને અસામાજીક તત્વોને કારણોસર દરેક મહિલા અને વિદ્યાર્થીનીઓને આત્મરક્ષણના પાઠ શીખવા વર્તમાન સમયની જરૂરીયાત છે. જેને અનુલક્ષીને તાજેતરમાં જ સમાજ સેવાના ભાગરૂપે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા પરિપત્ર કરીને તમામ સંલગ્ન કૉલેજની વિદ્યાર્થીનીઓ માટે વિનામૂલ્યે સ્વ-રક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સંદર્ભે જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે જણાવ્યું હતું કે, સમાજસેવાના પ્રત્યેક કાર્યમાં જીટીયુ હરહંમેશ કાર્યરત રહ્યું છે. વર્તમાન સમયમાં દરેક વિદ્યાર્થીનીઓ અને મહિલા કર્મચારીઓએ આત્મરક્ષણની તાલીમ મેળવવી જ જોઈએ.

જીટીયુના કુલસચિવ ડૉ. કે. એન. ખેરે જીટીયુ સ્પોર્ટ્સ વિભાગના સમાજ ઉપયોગી આ ઉમદા કાર્યને બિરદાવીને સ્પોર્ટ્સ ઓફિસર ડૉ. આકાશ ગોહિલ અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતાં. એક મહિના જેટલા ટૂકાં ગાળામાં જીટીયુ સંલગ્ન ૩૭થી વધુ કૉલેજોની ૩૫૦૦થી વધુ વિદ્યાર્થીની અને મહિલા કર્મચારીઓને જીટીયુ દ્વારા નિયુક્ત તજજ્ઞો દ્વારા વિનામૂલ્યે એક સપ્તાહની તાલીમ આપવામાં આવી છે.

આગામી દિવસોમાં અન્ય સંલગ્ન સંસ્થાઓ ખાતે પણ આ પ્રકારની તાલીમનું આયોજન જીટીયુ દ્વારા કરવામાં આવશે. તાલીમના કારણોસર વિદ્યાર્થીનીઓ આત્મરક્ષણનું જ્ઞાન તો મેળવ્યું જ છે. સાથે સાથે જુડો, કરાટે, ટાઈક્વોન્ડો જેવી માર્શલ આર્ટ્સની વિવિધ રમતો પ્રત્યે પણ તેમની રૂચી કેળવાઈ હોવાથી આગામી સમયમાં જીટીયુની વિદ્યાર્થીનીઓ આ ક્ષેત્રે પણ દેશનું નામ રોશન કરશે એમાં શંકાને સ્થાન નથી.

સાપ્તાહિક તાલીમની અંતે કાયમી ધોરણે પણ દરેક સંસ્થામાં આ પ્રકારના વર્ગોનું આયોજન જીટીયુ અને સંલગ્ન કૉલેજના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવશે.

# ધાનેરાના ગોલા ગામે કુવામાંથી બે યુવતિઓની લાશ મળી આવતા ચકચાર

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

ધાનેરા તાલુકાના ગોલા ગામની સીમમા રાજસ્થાન રાજયની સરહદ પર આવેલા ખેતરના કૂવામાંથી બે યુવતી મરણ હાલતમાં મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ધાનેરા તાલુકાની સરહદ પર આવેલા ગોલા ગામની હદ પુરી થાય ત્યાં શંકર દેસાઈનું ખેતર આવેલું છે.જે ખેતરની હદ પુરી થતા જ રાજસ્થાન રાજયની હદ શરૂ થાય છે.ત્યારે રાજસ્થાન રાજયનાં લાછીવાડા ગામમાં રહેતા અમરાભાઈ લુહારના ઘરે ટેટોપ ગામની બે સગી બહેન સાસરે આવે છે.જે સવારે ૧૧ કલાકના સમય દરમિયાન પોતાના ઘરેથી તેમની જેઠાણી સાથે નીકળ્યા હતા.ત્યારે બન્ને બહેનો પોતાના ઘર નજીક આવેલા ખેતરનાં કૂવા તરફ દોડ મૂકી કુવામાં પટકાઈ હતી. ત્યારે તેમની પાછળ આવતી જેઠાણીએ કુવામા પડતાં જોઈ બૂમો પાડી હતી. જેના કારણે આસપાસના લોકો અને પરિવારે ભેગા થઈ પોલીસને આ અંગે જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે આવી બન્ને યુવતીને પોસ્મોટમ માટે ધાનેરા લઈ જવા તજવીજ હાથ ધરી છે. જે બન્ને યુવતીના નામ કાનુંબેન ઉતમભાઈ લુહાર ઉ.વ ૨૨ અને ગગીબેન ઈશ્વરભાઈ લુહાર ઉ.વ ૨૫ હોવાનું જાણવા મળ્યુ છે. પોલીસે તપાસ હાથ ધરી છે.

### ગુજરાતની ધરાને રાસાયણિક કૃષિના ઝેરથી મુક્ત કરી કૃષિ ક્ષેત્રે ગુજરાતને રોલ મોડેલ બનાવવા સંકલ્પબદ્ધ બનીએ : રાજ્યપાલ



ગાંધીનગર,તા.૬

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી બેઠકમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, ગુજરાતની પાવન ધરાને રાસાયણિક કૃષિના ઝેરથી મુક્ત કરી પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાતને દેશનો રોલમોડેલ બનાવવા વહીવટી તંત્રના સૌ અધિકારીઓ સંકલ્પબદ્ધ બને આ કોન્ફરન્સમાં રાજયના તમામ જિલ્લાના ખેતીવાડી અધિકારી, જિલ્લા પશુપાલન અધિકારી સહિત સંબંધિત અધિકારીઓ પણ જોડાયા હતા.

રાજયપાલશ્રીએ આ વર્ચ્યુઅલ બેઠકમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના પરિણામલક્ષી પ્રયાસો અને ખેડૂતોના પુરુષાર્થથી પ્રાકૃતિક કૃષિનું જનઅભિયાન ગ્રામીણ સ્તર સુધી પહોંચ્યું છે, ત્યારે જિલ્લા પ્રશાસનના સહયોગથી ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે દેશભરને પ્રેરણા પૂરી પાડી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રાકૃતિક કૃષિના જનઅભિયાનને રાષ્ટ્રવ્યાપી બનાવવાના સંકલ્પને સાકાર કરી શકાશે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિના મિશનને રાજયવ્યાપી બનાવવા રાજ્ય સરકાર દ્વારા થઈ રહેલા ઘનિષ્ઠ પ્રયાસો બદલ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, રાસાયણિક કૃષિને કારણે જળ, જમીન અને પર્યાવરણ દૂષિત થાય છે. ગ્લોબલ વોર્મિંગની સમસ્યામાં ૨૪ ટકા હિસ્સો રાસાયણિક કૃષિનો છે. રસાયણોથી દૂષિત આહાર આરોગવાથી લોકો અસાધ્ય રોગનો ભોગ બની રહ્યા છે. કેન્દ્ર સરકાર રાસાયણિક ખાતરો પાછળની સબસિડીને કારણે ૧,૬૦,૦૦૦ કરોડનો આર્થિક બોજ ઊઠાવે છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના બેફામ ઉપયોગથી જમીનનો ઓર્ગેનિક કાર્બન દિન પ્રતિદિન ઘટતો જાય છે અને જમીન બંજર બની રહી છે. કૃષિ ખર્ચ સતત વધતો જાય છે અને ઉત્પાદન ઘટતું જાય છે, સરવાળે ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રાકૃતિક ખેતી સંવાદમાં જોડાયેલા સૌ જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારીઓ અને ખેતીવાડી, પશુપાલન અધિકારીઓને ટીમ વર્કથી કાર્યરત રહેવા આહવાન કર્યું હતું. તેમણે કહ્યું કે આવા ટીમ વર્કથી પ્રધાનમંત્રીશ્રીના સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રને સાકાર કરી પ્રાકૃતિક ખેતીથી સર્વગ્રાહી કૃષિ વિકાસ થઈ શકશે.

# કુબેરનગર વોર્ડની મતગણતરી સંદર્ભમાં શહેર પોલીસ કમિશનરશ્રીએ જાહેરનામું

અમદાવાદ મહાનગરપાલિકા સામાન્ય ચૂંટણી-૨૦૨૧ વોર્ડ નંબર - ૧૪ કુબેરનગરની પુનઃ મતગણતરી તારીખ ૦૭/૦૫/૨૦૨૨ ના રોજ સવારના ૦૯:૦૦ કલાકથી એલ.ડી એન્જિનિયરિંગ કોલેજ, ગુજરાત યુનિવર્સિટી ખાતે થનાર છે. આ મતગણતરી શાંતિપૂર્ણ રીતે અને સુમેળભર્યા વાતાવરણમાં પૂર્ણ થાય તે માટે જાહેર સલામતી, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેર,પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવ દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જેમાં મતગણતરી મથકની અંદર, કમ્પાઉન્ડમાં કે મતગણતરી મથકની ચારે બાજુની ૨૦૦ મીટરની ત્રિજયામાં વિસ્તારમાં કોઈપણ વ્યક્તિને સેલ્યુલર, મોબાઈલ ફોન , કોડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશાવ્યવહારના અન્ય કોઈ વિજાણુ સાધનો લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તથા આ વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ વાહનો લઈ જઈ શકશે નહીં અથવા પાર્ક પણ કરી શકશે નહીં. વાહનોનો અર્થ પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શક્તિથી કે અન્ય રીતે ચાલતા કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ બાકસ (માચીસ), લાઈટર, ગેસ લાઈટર કે અન્ય સળગાવી શકાય તેવા પદાર્થો કે ચીજ વસ્તુઓ લઈ જઈ શકશે નહીં કે તેનો ઉપયોગ પણ કરી શકશે નહીં.

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મતગણતરી મથક અને તેની આસપાસ ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસરની ફરજ દરમિયાન સેલ્યુલર,મોબાઈલ ફોન ,કોડલેસ ફોન, વાયરલેસ સેટ વગેરેનો ઉપયોગ કરી શકશે. આ જ પ્રમાણે ભારતના ચૂંટણી પંચે નીમેલા નિરીક્ષકો અને મતગણતરીની ફરજોનો હવાલો ધરાવતા અધિકારીઓ/ કર્મચારીઓ તેમની વિધિસરની ફરજ દરમિયાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે એમ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરે જણાવ્યું છે.

### શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં ૧૦૦ ફૂટ ઊંચા

# દેશની આન બાન અને શાન સમા દેશ દુલારા રાષ્ટ્રધ્વજને લહેરાવવામાં આવ્યો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ શહેરના રેલવે સ્ટેશન નજીક નવ નિર્માણ કરાયેલ સો ફૂટ ઊંચા અને 30x20 ની સાઈઝ ધરાવતા દેશની આન-બાન અને શાન સમા રાષ્ટ્રધ્વજનું લોકાર્પણ પાટણના સાંસદ ભરતસિંહ ડાભી સહિત પાટણના ધારાસભ્ય તેમજ પાટણ નગરપાલિકાના પ્રમુખ સહિતના મહાનુભાવો અને રેલવે તંત્રના અધિકારીઓની ઉપસ્થિતિ વચ્ચે શુક્રવારની સવારે રાષ્ટ્રભક્તિના વાતાવરણ વચ્ચે રાષ્ટ્રગીત સાથે કરવામાં આવ્યું હતું.

પાટણ રેલવે સ્ટેશન ખાતે નિર્માણ કરાયેલ રાષ્ટ્રધ્વજના લોકાર્પણ પ્રસંગે પાટણ રેલવે પોલીસના જવાનોએ સાથે પાટણના સાંસદ ભરતસિંહ ડાભી, ધારાસભ્ય ડો.કીરીટ પટેલ, પાટણ નગરપાલિકા પ્રમુખ સ્મિતાબેન પટેલ સહિતના મહાનુભાવોએ તેમજ રેલવેના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહી સલામી આપી દેશ દુલારા રાષ્ટ્રધ્વજ ને લહેરાવવામાં આવ્યો હતો

### GSPCએ તેમના CSR કાર્યક્રમની એક પહેલ અંતર્ગત સંબંધિત

# જિલ્લા વહીવટીતંત્રને ત્રણ ફાયરફાઈટિંગ રોબોટ્સ અને બે એમ્બ્યુલન્સની સોંપણી કરી

ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશને (GSPC) બુધવારના (તા. ૪ મે, ૨૦૨૨)ના રોજ GSPC સમર્થિત સીએસઆર (CSR) પ્રોજેક્ટ્સની એસેટ્સ ગુજરાત સરકારના સંબંધિત જિલ્લા વહીવટીતંત્રાને સોંપી દીધી. GSPC એ તેલ અને ગેસના સંશોધન અને ઉત્પાદન સાથે સંકળાયેલા જીએસપીસી ગ્રુપની મુખ્ય સંસ્થા છે. આ કાર્યક્રમ ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોલિયમ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, જીએસપીસીના એમડી શ્રી સંજીવ કુમાર (IAS) તેમજ જીઆઈડીસીના ઉપાધ્યક્ષ, એમ.ડી. અને જીએસપીસીના સી.ઈ.ઓ. શ્રી એમ. થેન્નારસન (IAS)ની હાજરીમાં ગાંધીનગરના જીએસપીસી ભવન ખાતે યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન ઊર્જા અને પેટ્રોલિયમ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે, “જીએસપીસીએ ઊર્જા બાબતે ખૂબ જ સારી કામગીરી કરી છે. તેમના વિભાગના ટીમ વર્ક અને સંકલનથી વિવિધ ક્ષેત્રોમાં સકારાત્મક પરિણામો પ્રાપ્ત થયા છે” શ્રી એમ. થેન્નારસને અલગ-અલગ ક્ષેત્રે કરવામાં આવતી સીએસઆર પ્રવૃત્તિઓ અંગે ઊર્જામંત્રીને ટુંકમાં જણાવ્યુ હતુ તેમજ સીએસઆરના વિવિધ પ્રોજેક્ટ્સ અંગે તેમને માહિતગાર કર્યા હતા.

ગુજરાત સીએસઆર ઓથોરિટી (GSCRA) એ ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત પ્લેટફોર્મ છે, જે જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓને સીએસઆર ફંડનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં મદદ કરે છે અને રાજ્યના કલ્યાણ અને સુખાકારીમાં પણ યોગદાન આપે છે. આ ઉપરાંત, GCSRA અન્ય કંપનીઓ અને પ્રાઈવેટ સેક્ટર યુનિટ્સ (PSUs)ને CSR વ્યૂહરચના તેમજ એન્યુઅલ પ્લાનના ડેવલપમેન્ટમાં પણ મદદ પૂરી પાડે છે.ઉલ્લેખનીય છે કે GSPCએ બે પ્રોજેક્ટ્સ માટે GSCRA સાથે ભાગીદારી કરી છે. પ્રથમ પ્રોજેક્ટ અંતર્ગત ગ્રામીણ વિસ્તારની કટોકટીની જરૂરિયાતને પહોંચી વળવા તેમજ નર્મદા અને દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશથી બે ટાઈપ-ડી એમ્બ્યુલન્સ તૈયાર કરવામાં આવી હતી.

બીજા પ્રોજેક્ટમાં ત્રણ મિનિમાઈઝ્ડ અને કન્વિનિયન્ટ ક્રાઈસિસ રિસ્પોન્ડર રોબોટ્સ એટલે કે ન્યૂનતમ અને કટોકટીના સમય માટે અનુકૂળ પ્રતિક્રિયા આપતા રોબોટ્સ તૈયાર કરવામાં આવ્યા જે, અગ્નિશામક દળને એલિવેટેડ સ્ટ્રક્ચરની આગ સામે લડવામાં મદદ કરશે, ખાસ કરીને અતિશય જોખમી પરિસ્થિતિમાં આ રોબોટ્સ ખૂબ જ મદદરૂપ બને છે. આ રોબોટ્સ પહાડીઓ પર તેમજ છીછરા પાણીમાં પણ સરળતાથી ચાલી શકે છે અને ૧૦૦ કિલોગ્રામનો પેલોડ વહન કરી શકે છે. મંત્રીશ્રીએ આ રોબોટ્સ કઈ રીતે કાર્ય કરે છે તેનું લાઈવ પ્રેઝન્ટેશન કાર્યક્રમ દરમિયાન નિહાળ્યું હતું.

નોંધનીય છે કે, છેલ્લાં કેટલાંક વર્ષોમાં GSPC ગ્રુપ હાઈડ્રોકાર્બન ક્ષેત્રે અનેક સીમાચિહ્નો પાર કરવામાં સફળ રહ્યું છે અને સાથે જ આ ગ્રુપએ દેશમાં E&Pના ક્ષેત્રને પણ સફળતાપૂર્વક પુનઃવ્યાખ્યાયિત કર્યું છે. GSPC ગ્રુપની કંપનીઓ એનર્જી વેલ્યુ ચેઈનના અપસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમ બંને ક્ષેત્રમાં સામૂહિક રીતે હાજરી ધરાવે છે.

### અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના (રાજકોટ) દ્વારા થેલેસેમીયા પીડીત બાળકો તેમજ તેમના પરીવાર માટે

# થેલેસેમિયા-ડે નિમિતે યોજાયેલ કાર્યક્રમમાં શહેરના ખ્યાતનામ હેમેટોલોજીસ્ટ ડો. નિસર્ગ ઠક્કર થેલેસેમિયા ગ્રસ્ત બાળકોને માર્ગદર્શન આપશે

અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના (રાજકોટ) દ્વારા લોહીની વારસાગત, જીવલેણ બિમારી થેલેસેમીયાનો ભોગ બનેલા કુમળા ફુલ જેવા થેલેસેમીયા પીડીત બાળકો તેમજ તેમના સમગ્ર પરિવાર માટે ‘થેલેસેમીયા–ડે‘ રવીવાર, તા. ૮, મે, સાંજે ૫–૦૦ થી ૮–૦૦ કલાકે (સમયસર), ‘લોક વિજ્ઞાન કેન્દ્ર‘, બાલભવનની બાજુમાં, આર્ટ ગેલેરીની સામે, રેસકોર્ષ, રાજકોટ ખાતે તમામ થેલેસેમીયા પીડીત બાળકો તથા તેમના પરીવારજનો માટે કાર્યક્રમ આયોજન કરાયું છે. થેસેલેમીયા લોહીનો વારસાગત રોગ છે. આ રોગથી પીડિત બાળકોને જન્મથી



જ મહિનામાં બે - ચાર વખત લોહી ચડાવવું પડે છે. આ રોગનાં દર્દીઓએ આજીવન લોહીની સાથો સાથ અન્ય સારવાર પણ લેવી પડે છે. થેલેસેમિયા બાળકોની સારવારમાં હેમેટોલોજીસ્ટ (લોહીના રોગોના સુપર સ્પેશ્યાલીસ્ટ) ડોક્ટરની ભૂમિકા અતિ મહત્વની છે. આ કાર્યક્રમમાં શહેરના ખ્યાતનામ હેમેટોલોજીસ્ટ ડો. નિસર્ગ ઠક્કર થેલેસેમિયા બાળકોને સાંજે ૬ : ૦૦ થી ૬ : ૩૦ કલાક દરમિયાન માર્ગદર્શન આપશે. ડો. નિસર્ગ ઠક્કર હાલ રાજકોટ શહેરની ખ્યાતનામ વોકાર્ડ હોસ્પિટલમાં ફરજ બજાવી રહ્યા છે. ડો. નિસર્ગ લોહીના રોગો જેવા કે થેલેસેમિયા, હેમોફિલિયા, બ્લડ કેન્સર જેવી બીમારીઓ ઉપરાંત બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ પર કામ કરવાનો બહોળો અનુભવ ધરાવે છે. ડો. નિસર્ગ ઠક્કર દ્વારા થેલેસેમિયા બાળકો માટે શ્રેષ્ઠત્તમ સારવાર કેવી હોવી જોઈએ તે અંગે માર્ગદર્શન આપવામાં આવેશે. બાળકોએ લોહી ચડાવવમાં શું ધ્યાન રાખવું, જરૂરી દવાઓ કઈ લેવી, બાળકોને યોગ્ય સારવાર ન મળવાથી ઉભી થતી તકલીફો વિષે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, હેપ્લો ટ્રાન્સપ્લાન્ટ તેમજ થેલેસેમિયા માટે ભવિષ્યમાં આવનાર દવાઓ / સારવાર વિષે માર્ગદર્શન આપવામાં આવનાર છે. કાર્યક્રમમાં અંતે પ્રશ્નોતરી દ્વારા બાળકો અને વાલીઓની સારવાર સબંધી મૂંઝવણો દુર કરવામાં આવશે. આ કાર્યક્રમથી દરેક થેલેસેમિયા બાળકોને યોગ્ય માર્ગદર્શન મળી રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના (રાજકોટ)નાં પ્રમુખ મિતલ ખેતાણી, જીતુલભાઈ કોટેચા વિવેકાનંદ યુથ કલબનાં અનુજપમભાઈ દોશી, ડો. રવિ ધાનાણી સહિતનાઓ જહેમત ઉઠાવી રહ્યા છે. વિશેષ માહિતી માટે અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેના (રાજકોટ)નાં પ્રમુખ મિતલ ખેતાણી (મો.નં. ૯૮૨૪૨ ૨૧૯૯૯), જીતુલભાઈ કોટેચા (મો.૯૩૭૪૧ ૫૪૦૦૦) તથા વિવેકાનંદ યુથ કલબનાં અનુપમ દોશી (મો.નં. ૯૪૨૮૨ ૩૩૭૯૬), ડો. રવી ધાનાણી (મો.૭૦૧૬૯ ૫૩૩૫૧), ડો. રમેશભાઈ ભાયાણી નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.